
આવ્યો શ્રાવણ માસ અનુપ, હિંડોળો માચ્યો રે...
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
અંક : ૦૯


















(૧-૫) વ્હાલા ગુરુજીનું મોરબી તથા ભૂજ ખાતે ઝોનલ સત્સંગ વિચરણ (૬) બાળ સંચાલક ટ્રેનિંગ શિબિર
(૭-૮) સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી



SMVS

# ઘનશ્યામ

# GHANSHYAM


૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૯

10 September, 2023 • Year : 48 • Edition : 09


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


## અનુક્રમણિકા...


૦૪ સેવા એક અણમોલ અવસર
૦૬ ઍટિટ્યૂડ બદલીએ
૦૯ મંદિર મારું પહેલું
૧૨ મારી સેવા મારી જવાબદારી
૧૫ સેવાનું વ્યસન
૧૭ નીચી ટેલ, ઊંચી કમાણી
૨૦ તકે સેવા
૨૩ સેવાવ્રતધારી મહિલા સમાજ
૨૬ સેવા કરતાં આટલું ધ્યાન રાખીએ


**‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬


**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**
૯૪૦૮૩૨૦૦૩૬

# સેવા એક અણમોલ અવસર

અઢીસો વર્ષના ટૂંકા સમયગાળામાં વિશ્વના ફલક પર વિસ્તરેલા સ્વામિનારાયણ સંપ્રદાયની વણથંભી પ્રગતિના અનેક કારણોમાંનું એક કારણ છે મહારાજ અને મોટાપુરુષે સત્સંગ સમાજને પાયેલાં સેવા અને સમર્પણનાં પીયૂષ.

પોતાની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તાવવાના જ એકમાત્ર હેતુથી ભગવાન સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પધાર્યા હોવા છતાં પોતાના આશ્રિત વર્ગને જ્ઞાન-ધ્યાનના મજરા સાથે નીચી ટેલની તનની સેવાના ઉમદા પાઠ સ્વવર્તન દ્વારા શીખવ્યા છે. લોજપુર મુકામે વર્ણી વેશે આશ્રમનું છાણ-વાસીદું કરવું, લાકડાં વીણવાં જવું, રસોઈ બનાવવી, વાસણ માંજવાં, ભિક્ષા માગવા જવું વગેરે નીચી ટેલની સેવા પોતે કરી છે. એટલું જ નહિ, રાજાધિરાજપણે ગાદી પર બિરાજ્યા બાદ સૌ ભગવાન તરીકે પૂજતા હોવા છતાં મંદિરના બાંધકામ વખતે પોતાનાં સોનેરી મોળિયા ઉપર પથ્થર ઊંચકવામાં પણ ક્ષોભ અનુભવ્યો નથી. ગઢપુર મંદિરના પાયામાં શ્રીહરિએ કારીગરોને ન બોલાવતાં સંતો-હરિભક્તો દ્વારા જ પથ્થરો નખાવ્યા હતા.

પ્રશ્ન થાય કે આવું શા માટે? તો,

શ્રીહરિએ નિજાશ્રિતોને પોતાની દિવ્યાતિદિવ્ય મૂર્તિનું સુખ પમાડવા માટે જ આ સંપ્રદાયની સ્થાપના કરી છે. શ્રીહરિની મૂર્તિ એ સંપ્રદાયનું હાર્દ છે. આશ્રિતમાત્રનો ધ્યેય છે, નિશાન છે, મુકામ છે. એ મૂર્તિના સુખમાં થીજવું એ જ એક કામ છે. અંતે કરી કરીને આ જ ધ્યેય સિદ્ધ કરવાનો છે. પરંતુ મૂર્તિરૂપી ધ્યેયની સિદ્ધિ હાંસલ કરવામાં સૌથી મોટું વિઘ્નકર્તા પરિબળ જો કોઈ હોય તો એ છે દેહભાવ. જેને તોડવા માટે આપણે સતત પ્રયત્નશીલ છીએ અને રહેવાનું છે. ‘હું દેહ છું જ નહિ; શુદ્ધ આત્મા છું. આત્માને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખી લીધો છે.’ દેહભાવ તોડવા માટેનો આ જ શ્રેષ્ઠ અને અંતિમ ઉપાય છે. પરંતુ દેહભાવને ઢીલો પાડવા માટેનો પ્રાથમિક અને સરળ ઉપાય એ સેવા જ છે. કારણ કે સેવામાં સમૂહજીવન મળે, એકથી વધુ સભ્યોનો સહવાસ મળે છે. ત્યારે



ક્યાંક આપણું મનગમતું મૂકવાનું થાય, ક્યાંક આપણી ગણના થાય-ના થાય. ક્યાંક કોઈના હાથ નીચે રહીને સેવા કરવાની થાય, ક્યાંક આપણા અહમ્‌ને, સ્ટેટસને ઘસારો આવે. જેથી દાસત્વભાવ દૃઢ થાય છે અને મૂર્તિસુખ માટેની પાત્રતામાં વધારો થાય છે.

વળી, સેવા એ અંતઃકરણ શુદ્ધિનો શ્રેષ્ઠ ઉપાય છે. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૮મા વચનામૃતમાં કહ્યું છે, "ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો ભગવાન ને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે ને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે." તથા ગઢડા મધ્યના ૨૫મા વચનામૃતમાં કહ્યું છે કે, "જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે."

જેમ સિંહણનું દૂધ સોળવલ્લા સુવર્ણના શુદ્ધ પાત્રમાં જ ઝીલી શકાય. અન્ય કોઈ જ પાત્રમાં ન ઝીલી શકાય. તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરવા હોય તો સુવર્ણના જેવું શુદ્ધ અંતઃકરણ કરવું જ પડે, ભ્રષ્ટ અંતઃકરણ ન ચાલે.

દરેક પ્રકારની શુદ્ધિ માટે તેનાં જુદાં જુદાં સાધનો વપરાતાં હોય છે. દાંતને સાફ કરવા જે બ્રશ વપરાય તે કપડાંને સાફ કરવા માટે ન ચાલે. રૂમની સફાઈ કરવા સાવરણી જોઈએ, તો ચોક વાળવા સાવરણો જોઈએ.

તેમ, મહારાજે વચનામૃતમાં આત્માની શુદ્ધિ માટેનાં જુદાં જુદાં સાધનો અલગ અલગ વચનામૃતમાં બતાવ્યાં છે પણ અહીં મુમુક્ષુમાત્રને સરળ પડે તેવું સાધન શ્રીજીમહારાજ બતાવે છે. જે છે—સેવા.

સેવા એ એક ડિટર્જન્ટ પાઉડર છે. જે અનાદિકાળના વાસનારૂપી ડાઘને ક્ષણમાં કાઢી નાખે છે.

સેવા એ અંતઃકરણ સાફ કરવાની સાવરણી છે.

વળી, આપણા સૌનો અવરભાવનો ધ્યેય છે મહારાજ અને મોટાને રાજી કરી જ લેવા છે. આ ધ્યેય સિદ્ધિ માટેનો સરળ ઉપાય એટલે સેવા.

એક સાધે સબ સધે, એક ગયે સબ જાય;
જો ગ્રહી સેવે મૂલ કો, તો ફૂલે ફાલે અંકાય.

અર્થાત્ જો વૃક્ષના મૂળમાં પાણી નાખીએ તો પાંદડે પાંદડે પહોંચી જાય એમ એક મહારાજ અને મોટાને રાજી કર્યા તો આ લોક-પરલોકનાં સર્વે કામ સરી જાય. આ રાજીપો પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે—સેવા.

જે કાર્ય કરવા પાછળ આપણો સ્વાર્થ છુપાયેલો હોય તેને કામ કહેવાય. અને જે નિઃસ્વાર્થભાવે કોઈ પ્રકારના વળતરની અપેક્ષા વગર કરવામાં આવે તેને સેવા કહેવાય. આપણે જગતમાં પુત્ર-પરિવાર માટે જે કાંઈ કરીએ છીએ તેમાં યેનકેન પ્રકારે આપણો સ્વાર્થ છુપાયેલો હોય છે. માટે તે કામ બની જાય છે. અને મહારાજ અને મોટાને રાજી કરવા માટે જે કાંઈ કરીએ તેને સેવા કહેવાય છે. કારણ કે તેમાં આપણા આત્માના કલ્યાણ સિવાય કોઈ માયિક સ્વાર્થ છુપાયેલો હોતો નથી. આપણે અનંત જન્મમાં દેહ અને દેહના સંબંધીને અર્થે દેહને ઘસી નાખ્યા છે. એમાં કાંઈ વળ્યું નથી. પરંતુ આ ફેરે મહારાજ અને મોટાપુરુષને, સંતો-ભક્તોને રાજી કરવા 'તનની સેવા'ના અણમોલ અવસરને ઝડપી લઈએ.

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ.ના સમગ્ર સમાજને આવા જ સેવા-સમર્પણનાં પીયૂષ પાયાં છે. એક સાંભળીએ ને એક ભૂલીએ એવા અનેક પ્રેરણાદાયી પ્રસંગોની હારમાળા આજે એસ.એમ.વી.એસ.માં સર્જાઈ છે. સમગ્ર પ્રસંગોને સમાવવા માટે એક દળદાર પુસ્તક પણ ઓછું પડે. પરંતુ આપણને સૌને સેવા-સમર્પણની એક દિશા મળી રહે, પ્રેરણા મળે એ માટે કિંચિત્ પ્રસંગો પર આ વિશેષાંક દ્વારા પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. એસ.એમ.વી.એસ.ના નાના-મોટા તમામ હરિભક્તોની સેવા કરોડ કરોડ ધન્યવાદને પાત્ર જ છે. પરંતુ પેજ મર્યાદાના કારણે સીમિત પ્રસંગો જ અંકમાં સમાવી શક્યા છીએ.

આ વિશેષાંકમાં એસ.એમ.વી.એસ.ના કિંચિત્ એવા પ્રેરણાદાયી પાત્રોના પ્રેરક પ્રસંગોને આવો માણીએ વિવિધ લેખમાળાઓ દ્વારા. તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી દૃઢ સંકલ્પ કરી તનની સેવાના વ્યસની બનીએ.

**ધ્યેય સિદ્ધિનો સરળ ઉપાય એટલે સેવા.**





# ઍટિટ્યૂડ બદલીએ



'નીચી ટેલ મળે તો માને મહેર જો...' સદ્. મુક્તાનંદ સ્વામીએ આ પંક્તિમાં નીચી ટેલની સેવાનું મહાત્મ્ય ગાયું છે. રાજીપો આ સેવામાં છે તેવું કહ્યું છે. નીચી ટેલની સેવા એટલે જેનાથી દેહને કારસો આવે એવી સેવા. તેથી જ શ્રીજીમહારાજના રાજીપાર્થે નંદસંતો પણ નીચી ટેલની સેવા ખૂબ મહાત્મ્યસભર થઈને કરતા.

પરંતુ કાળાંતરે નીચી ટેલની સેવા પરત્વેની આપણી વિચારધારા બદલાઈ રહી છે. જે નીચી ટેલની સેવા કરે તેની અવગણના થાય અને ટેબલ-ખુરશીવાળી સેવા, ઑફિસ વર્ક કે કમ્પ્યૂટરને લગતી સેવાઓ ઊંચી અને સારી કહેવાય. તેમાં જ રાજીપો છે તેવું મનાઈ ગયું છે. તેથી જ આપણે સૌ ઊંચી ટેલની સેવા કરવા તૈયાર થઈએ પણ નીચી ટેલની સેવા કરવી પસંદ પડતી નથી. સહજતાથી જગતની પરિભાષા આપણે બોલતાં-વિચારતાં હોઈએ કે, 'જેનામાં ભણતર, આવડત ઓછી હોય એ જ નીચી ટેલની સેવા કરે.'

'ગાડીઓમાં ફરનારા ને બંગલામાં રહેનારાના હાથમાં સાવરણી ન જ હોય ને !'

'સંસ્થામાં આટલી આવકો અને ધર્માદા આવતા હોય તો શા માટે હરિભક્તો પાસે કામ કરાવીએ ! પૈસા આપી કામવાળા ન રાખી લઈએ.'

'સંતોએ મારું મોઢું (સ્ટેટસ, સત્તા, મોટપ) જોઈને તો સેવા બતાવવી જોઈતી હતી !'

પરંતુ શ્રીજીમહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી ત્યારથી સ્વયં પોતે અક્ષરધામના અધિપતિ હોવા છતાંય નીચી ટેલની સેવા કરી છે. અને પોતાના સામર્થ્યવાન સદ્ગુરુ સંતો તથા ગર્ભશ્રીમંત હરિભક્તો જોડે નીચી ટેલની સેવા કરાવી આપણો નીચી ટેલની સેવા પરત્વેનો અભિગમ તોડાવ્યો છે.

એક વખત સદ્. ગુણાતીતાનંદ સ્વામી સંતો-ભક્તોની પાસે મંદિરની વાડીમાં પથ્થર ફોડાવવાની (તોડાવવાની) સેવા કરાવતા હતા. સ્વામી એક ઝાડ નીચે બિરાજી માળા કરતા હતા. એ સમયે મંદિરમાં સ્વામીની ખ્યાતિ સાંભળી પાંચ-છ બ્રાહ્મણો ચર્ચા કરવા આવ્યા. એક સંતે બ્રાહ્મણોને એક પાર્ષદ સાથે વાડીએ મોકલ્યા.

બ્રાહ્મણોએ સદ્. ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી, અમે તમારી સાથે જ્ઞાનગોષ્ઠિ કરવા આવ્યા છીએ." સદ્ગુરુએ કહ્યું, "ભૂદેવો, અહીં તો પાષાણ (પથ્થર) ગોષ્ઠિ થાય છે. જ્ઞાનગોષ્ઠિ તો મંદિરના સભા ખંડમાં થાય માટે ત્યાં હાલો."

સદ્. ગુણાતીતાનંદ સ્વામી બ્રાહ્મણો સાથે મંદિરમાં જવા તૈયાર થયા. એ વખતે બાજુમાં મોટા વિદ્વાન સંત સદ્. બાલમુકુંદસ્વામી દાસભાવે ઘણથી પથ્થર તોડવાની સેવા કરતા હતા. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "સાધુરામ, વાતું કરવા હાલો. આપણે આ બ્રાહ્મણો સાથે જ્ઞાનગોષ્ઠિ કરવાની છે." મંદિરમાં જઈ સદ્. બાલમુકુંદસ્વામી હાથ-પગ ધોઈ કથા કરવા આસન પર બિરાજ્યા. આ જોઈ બ્રાહ્મણો વચ્ચે ચર્ચા શરૂ થઈ કે, "આ પથ્થર ફોડનાર સાધુ શું કથા કરશે ? આપણને શું જ્ઞાન આપશે ?" પરંતુ સ્વામીની કથાવાર્તા સાંભળતાં બ્રાહ્મણો માત્ર જ્ઞાનગોષ્ઠિ કરવાનું જ નહિ પરંતુ પોતાના દેહનું ભાન પણ ભૂલી ગયા. બ્રાહ્મણોના મુખની બદલાતી રેખા જોઈ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, "ભૂદેવો, શું વિચાર કરો છો ?" બ્રાહ્મણો એક સાથે બોલી ઊઠ્યા, "સ્વામી, આ તો ગજબના કથાકાર છે. અમને એમ કે આ પથ્થર ફોડનાર શું વાતો કરશે ? પણ આ તો મહાપુરાણી છે, જ્ઞાનનો ભંડાર છે. તેમની વાતમાં ટાઢું થાય છે." સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "ભૂદેવો ! અમારે અહીં જે પથ્થર ફોડે એ જ પાનાં



જ્ઞાનનું ફળ સેવા.

ફેરવે.'' અર્થાત્ જે દાસભાવે સેવા કરે એ જ મોટા થઈ શકે.

બ્રાહ્મણોએ કહ્યું, ''અમને તો એવી ધારણા હતી કે જે પુરાણી હોય તે પથ્થર ન ફોડે અને પથ્થર ફોડે તે પુરાણી ન હોય.'' અર્થાત્ જે દાસભાવે નીચી ટેલની સેવા કરતા હોય તે મોટા કથાકાર કે સદ્‌ગુરુ ન હોય અને સદ્‌ગુરુ હોય તે આવી નીચી ટેલની સેવા ન કરે.

સ્વામીએ કહ્યું, ''ભૂદેવો, જ્ઞાનનું ફળ સેવા છે. જે જ્ઞાનની મોટી મોટી વાતું કરે પણ દાસભાવે સેવા ન કરે તો એનું જ્ઞાન પાંકડી ગાય જેવું કહેવાય. પાંકડી ગાય દેખાય સારી પણ દૂધ ન આપે; માત્ર પૂજવાના કામમાં લાગે. તેમ સેવા વગરના પુરાણી એ માત્ર પૂજવાના કામમાં લાગે પણ તેમની સાધુતા શોભે નહીં. કારણ, નીચી ટેલની સેવાથી જ દાસત્વભાવ દૃઢ થાય ને સાધુતા શોભે. માટે ગમે તેવા મોટા હોય તોય દાસભાવે નીચી ટેલની સેવા તો કરવી જ જોઈએ.''

આ પ્રસંગથી સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ નીચી ટેલની સેવા પરત્વેનો અભિગમ બદલાવ્યો છે. આંબા ઉપર જેમ જેમ કેરી આવે તેમ આંબો નમતો જાય એ ન્યાયે જેમ જેમ આ લોક-પરલોકની મોટાઈ વધતી જાય તેમ દાસત્વભક્તિ ખીલતી જાય. એ દાસત્વભક્તિનું પ્રતિબિંબ છે — નીચી ટેલની સેવા.

•••

'સેવા વગર શિષ્ય તો ન શોભે પણ સદ્‌ગુરુ પદ પણ ન શોભે' આ ઉક્તિનાં દર્શન ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં સહેજે થતા. એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા મંદિરે કંતાનના કોથળા પર બિરાજી અનાજ સાફ કરતા હતા. પૂ. સંતો ઉતાવળા આવ્યા અને કહ્યું, ''બાપજી, વાસણા-સરખેજ વિસ્તારના ધારાસભ્ય આપનાં દર્શને આવે છે તો આપ આસને બિરાજો એવી પ્રાર્થના છે.'' ગુરુદેવે સહજતાથી કહ્યું, ''તેઓને અહીં બોલાવી લાવો.'' ''પણ બાપજી, આપ અહીં કોઠારમાં અને એ પણ કોથળા પર બિરાજ્યા છો તે સારું ન લાગે.'' ''અમે તો રોજ અહીં કોથળા પર બેસીને સેવા કરીએ છીએ. એમાં કાંઈ વાંધો નથી. માટે એમને બોલાવી લાવો.'' સંસ્થાના વડા હોવા છતાં કંતાનના કોથળા પર બેસીને સેવા કરતાં જોઈ ધારાસભ્ય ખૂબ પ્રભાવિત થયા : 'અહો ! સંસ્થાના વડા હોવા છતાં કંતાન પર બેસી નીચી ટેલની સેવા કરવામાં આ દિવ્યપુરુષને જરિયે નાનપ નથી અનુભવાતી !'

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રતિકૃતિ સમા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ સેવાની અજોડ પ્રેરણામૂર્તિ છે. પોતાની અનાદિની પરભાવી મોટપ તો છે જ પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી જોડે સંત દીક્ષા ગ્રહણ કરી ત્યારથી જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થાના બંધારણમાં પ્રમુખપદે ગુરુજીને પ્રસ્થાપિત કરી અવરભાવની મોટપ પણ આપી છે. છતાંય અદ્યાપિ તનની સેવા કરવામાં ગુરુજીએ કદી પાછી પાની કરી નથી.

ઈ.સ. ૨૦૦૨માં સ્વામિનારાયણ ધામ ગુરુકુલમાં સેવા કરવા ઈચ્છતા એક અજાણ્યા શિક્ષક ઈન્ટરવ્યૂ આપવા વાસણા મંદિરે આવ્યા. ચોકમાં એક પૂ. સંત ગાતડિયું બાંધી મંદિર અને સભા હૉલ વચ્ચેનો ચોક વાળી રહ્યા હતા. પ્રસ્વેદથી રેબઝેબ એવા પૂ. સંતને આગંતુક શિક્ષકે કહ્યું, ''મને ગાંધીનગરના ગુરુકુલમાં ગૃહપતિની સેવા માટે ઈન્ટરવ્યૂ આપવા બોલાવ્યો છે તો પૂ. સત્‌સ્વામી ક્યાં મળશે ?'' પૂ. સંતે ચોક વાળતાં કહ્યું, ''તમે મંદિરમાં મહારાજનાં દર્શન કરી મૂર્તિધામ હૉલમાં જાવ ત્યાં આસન છે. થોડી વારમાં ત્યાં સત્‌સ્વામી આવશે.''

પેલા શિક્ષક તો મહારાજનાં દર્શન કરી સભા હૉલમાં ગયા. થોડી વારમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગુરુકુલની ટીમના પૂ. સંતો સાથે સભા હૉલમાં પધાર્યા. પોતે વચ્ચેની ખુરશી પર બિરાજ્યા. આજુબાજુ અન્ય પૂ. સંતો બેઠા. પેલા શિક્ષક તો ગુરુજીનાં દર્શને તાજુબ પામી ગયા. અને બોલી ઊઠ્યા,



"સ્વામી, તમે તો હમણાં ચોક વાળતા હતા તે જ તમે સત્‌સ્વામી..!" "હા અમે જ." ગુરુજીએ મર્માળું હાસ્ય કરતાં કહ્યું. "સ્વામીજી, તમે સંસ્થાની મુખ્ય વ્યક્તિ થઈ આવી કચરો વાળવાની સેવા શા માટે કરો છો ? બીજા સંતો-હરિભક્તો નથી ? જો કોઈ ન હોય તો પગારદાર માણસ રાખી લો પણ આ તમારી શોભા નથી." ત્યારે ગુરુજીએ કહ્યું, "ભાઈ, એ તો જગતની રીત છે. તેમને આવું ન શોભે પણ અમારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં તો ગમે તેવા મોટા હોય તોપણ સેવાનું અંગ તો જોઈએ જ. સેવાથી જ દાસભાવ દૃઢ થાય, અહંકાર ઓગળે અને ભગવાનનો રાજીપો થાય."

• • •

સદ્‌ગુરુ પદે બિરાજેલા બંને દિવ્યપુરુષોએ સ્વજીવનમાં તનની સેવાને પ્રાધાન્ય આપ્યું છે. તેઓમાંથી પ્રેરણા લઈ એસ.એમ.વી.એસ. પરિવારના સુખી અને અગ્રણી હરિભક્તો કે જે ઘરે પોતાની ડિશ પણ જાતે ન લેતા હોય તેવા હરિભક્તો એકમાત્ર મહારાજ અને મોટાને રાજી કરવા, અહમ્ ઓગાળી કેવી તનની સેવા કરી રહ્યા છે ! તેમાંના કેટલાક પાત્રોના જીવનને નિહાળીએ.

રાજકોટ સેન્ટરના સૌરભભાઈ વ્યાસ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં સિવિલ એન્જિનિયર તરીકે ખૂબ સારા હોદ્દા પર નોકરી કરે છે. રાજકોટ મંદિરમાં પણ સંચાલક તરીકે સેવા આપી રહ્યા છે. પોતે આટલા ઉચ્ચ હોદ્દા પર હોવા છતાંય મંદિરની તમામ સેવાઓ ખૂબ નિર્માની થઈ બજાવી રહ્યા છે. મંદિરના કૅમ્પસની સ્વચ્છતા, ટૉઇલેટ-બાથરૂમની સ્વચ્છતા, કૅમ્પસની મુખ્ય ગટર લાઇનોની સફાઈ કરાવવી, મંદિરમાં મેન્ટેનન્સ વર્ક કરવા જેવી નીચી ટેલની સેવા કરવામાં તેઓ કદી નાનપ અનુભવતા નથી.

જૂન, ૨૦૨૩માં રાજકોટ મંદિરે મહિલા-પુરુષ વિભાગ માટે નવા બાથરૂમ-ટૉઇલેટ બનાવવાના હતાં. ત્યારે પૂ. સંતો શિબિરમાં હોવા છતાંય ઘરધણી થઈને સૌરભભાઈએ ખડે પગે સેવા બજાવી છે. પોતાની નોકરી ચાલુ હતી. તેમાં સેટિંગ કરી દિવસમાં ત્રણ-ચાર વખત બાંધકામ પર વિઝિટ કરવા પહોંચી જતા. નોકરી પર સાહેબ પરંતુ મંદિરમાં તો સાહેબપણાનું માન છોડી સેવા કરવા લાગી જાય. વરસાદી માહોલમાં બાંધકામની ચીજવસ્તુઓ પલળે નહિ તેવી જગ્યાએ મૂકવાની સેવા પોતે કરી છે. એટલું જ નહિ પોતાને સેવા ફળવાયેલી નથી છતાંય મંદિરમાં અને સંત આશ્રમમાં ચરણરજ-પોતાંની સેવા કરીને મહારાજ અને મોટાના અંતરનો રાજીપો કમાઈ રહ્યા છે.

જો સૌરભભાઈ પોતાનો માન-મોભો-સ્ટેટસ છોડી દરેક સેવા સહજતાથી કરતા હોય તો આપણે પણ સેવાના ગમા-અણગમા પ્રત્યેનો ઍટિટ્યૂડ બદલી નાની-મોટી સર્વે સેવા કરતા થઈએ.

આ સમિતિમાં શું મારે લેવા ને દેવા,
એ સમિતિવાળા તો છે એવા ને એવા.
આવી ગોબરી માન્યતાને ત્યાગી રે દેવા,
નાનામાં નાની હું તો કરી લઉં સેવા.

મહારાજ અને મોટાને રાજી કરવા ઘણી વખત આપણે 'મારું મંદિર' માની સેવા કરતા હોઈએ પરંતુ સોંપેલી સેવા પરત્વે જ મમત્વભાવથી સેવા કરીએ એવી આપણામાં ક્યાંક સંકુચિતતા રહેતી હોય છે. 'આ જ મારી સમિતિ, આ જ મારી સેવા.' 'પૂ. સંતોએ મને આટલું જ કરવાનું કહ્યું છે.' 'મારે બીજાને મદદ કરવાની ક્યાં જરૂર છે ?' આવી માનીનતાને કારણે સેવા તો થાય પણ રાજીપો પ્રાપ્ત ન થાય. આવી સંકુચિતતા છોડી ગુરુજી અને પૂ. સંતોના સ્થાને બેસી મારી સમિતિ, મારી જ સેવાના કૂંડાળાને ત્યાગી મારી સંસ્થા, મારું મંદિર; બધી જ સેવા, મારી સેવા એવી ભાવના કેળવીએ.

તા. ૨-૭-૨૦૨૩ના રોજ વાસણા મંદિરે ગુરુપૂર્ણિમાની તૈયારી ખૂબ જોરશોરથી ચાલી રહી હતી. સૌ સંતો-હરિભક્તો પોતાને સોંપાયેલ સમિતિમાં ખૂબ સક્રિય રીતે સેવા બજાવી રહ્યા હતા. તેવામાં વાસણા વિસ્તારના રાજેશભાઈ ચાવડા આવ્યા. તેઓને ગુરુપૂર્ણિમાના દિને ઍડ્રેસ કલેક્શનની સેવા હોવાથી તેની પૂર્વતૈયારી કરી. પોતાની સમિતિની સેવા પૂર્ણ થતાં અન્ય સમિતિના જે હરિભક્તો મળે તેને પૂછ્યા કરે, "દયાળુ, કંઈ સેવા છે ?" સેવા વધુ હોવાથી બધા જ હરિભક્તો રાજેશભાઈને સેવા બતાવતા. ક્યારેક રસોડામાં, ક્યારેક ડેકોરેશન, તો ક્યારેક સપ્લાયમાં જ્યાં જેવી જરૂર ત્યાં તે રીતે સેવા કરવા રાજેશભાઈ પહોંચી જતા.

રાજેશભાઈ જરૂરિયાત પ્રમાણે દરેક સમિતિમાં સેવા કરવા જતા હતા. તે એક સમિતિના લીડરને ધ્યાનમાં આવ્યું. તેઓએ રાજેશભાઈને પૂછ્યું, "ખરેખર તમારી કઈ સમિતિ છે ?" ત્યારે રાજેશભાઈએ ખૂબ નમ્રતાથી જવાબ આપ્યો, "દયાળુ, સેવા કરવા માટે સમિતિમાં રહેવું કાંઈ જરૂરી છે ? મારી સેવા ઍડ્રેસ કલેક્શનની છે તે પૂરી થતાં તેમાંથી મને સમય મળ્યો તો બધાને મદદ કરી લઉં. આપણી સંસ્થાનો અને ગુરુજીનો જ પ્રોગ્રામ છે ને !"

લીડરમુક્ત રાજેશભાઈની સમજણ જોઈ ખૂબ પ્રભાવિત થયા. આપણી સેવા પરત્વેની માનીનતા બદલીએ. સેવામાં વાદ-વિવાદ, મારું-તારું, અહમ્-મમત્વ ન પ્રગટવો જોઈએ. જેમ ઘરની સઘળી જવાબદારી આપણી પોતાની સમજીએ છીએ. તેમ મંદિરની દરેક સેવા, દરેક સમિતિ પોતાની સમજી સેવા કરવી. પોતાને સોંપેલી જવાબદારી-સેવા પૂર્ણ થયા બાદ ઘરધણી થઈને બીજાની મદદે દોડી જવું એ જ રાજીપો કમાવવાની ચાવી છે.



આધ્યાત્મિક મોટાઈ વધે તેમ દાસત્વભક્તિ ખીલતી જાય.



# મંદિર મારું પહેલું

સંસાર વ્યવહાર ગૌણ રહે મારો, સત્સંગ મારો મુખ્ય પ્રમાણો,
મંદિર મારું ઘર છે અમારું, કરું સેવા જે છે જીવન અમારું.

મારું ઘર, મારો પરિવાર, મારો ધંધો-નોકરી, મારો શોખ, મારો આનંદ આવો સ્વકેન્દ્રિત મમત્વભાવ તો દુનિયાની હર કોઈ વ્યક્તિના જીવનમાં સહેજે તરવરતો હોય છે. પરંતુ આવું માયિક મમત્વ ટળે તો જ રાજીપારૂપી મોજ મળે છે. 'આ સત્સંગ મારું ઘર છે.' જીવનમંત્રની આ બીજી કલમ જ્યારે જીવનમાં લક્ષ્યાર્થ થાય છે ત્યારે 'મંદિર મારું પહેલું પછી બીજું બધું' આ જીવનમંત્ર લોહીની બુંદે બુંદમાં વણાઈ જાય છે. ત્યારે મંદિર અને સેવાને મુખ્ય કરવી પડતી નથી; થઈ જાય છે. આવા મમત્વભાવથી જીવનમાં અનુભવાતો આનંદ અને મળતી અંતરના રાજીપાની મોજ તો જે સંસાર-વ્યવહારના મમત્વને ત્યજે તે જ માણી શકે છે. આવો, 'મંદિર મારું પહેલું' આ જીવનમંત્ર જેમણે બનાવ્યો છે એવા સેંકડો પાત્રોમાંના કિંચિત્ પાત્રોનું દર્શન કરી પ્રેરણા મેળવીએ.

સંસ્થા સાથે ખરા મમત્વભાવથી જોડાયેલા રાજકોટ સેન્ટરના નીરવભાઈ ચંદ્રકાન્તભાઈ કાનાબાર ઈ.સ. ૨૦૧૪માં સત્સંગમાં જોડાયા હતા. આર્થિક પરિસ્થિતિ ખૂબ દુર્બળ હોવા છતાં મમત્વભાવના નાતે ૫૦૦ રૂપિયા ધર્માદો કાઢવાનો શરૂ કર્યો. મહારાજની કૃપાએ આર્થિક વ્યવહાર સધ્ધર થતાં ૧૦% ધર્માદો શરૂ કર્યો. ઉપરાંત ભૂજ મંદિરમાં અને સ્પિરિચ્યુઅલ સેન્ટરમાં લાખો રૂપિયાની સેવા કરી. બસ, અંતરમાં એક જ ભાવ કે કશું નહોતું ને મહારાજે મને આપ્યું તો હવે મારા મહારાજ, મારી સંસ્થા મારે પહેલી. એમનો મમત્વભાવ માત્ર ધનની સેવા કરવા પૂરતો સીમિત ન રહ્યો. તેઓએ એક વર્ષથી નિયમિત રીતે મંદિરે ચરણરજ અને પોતું કરવાની સેવા જાતે ઉપાડી લીધી છે. મંદિરમાં ક્યારેક ગાડીની કે ડ્રાઈવિંગની સેવાની જરૂર હોય તો તુરત તૈયાર જ હોય. કદી પોતાના દેહનો, ઘરનો કે ધંધાનો વિચાર કર્યો નથી. એમને માત્ર સેન્ટર મારું નહિ, એસ.એમ.વી.એસ. મારી એવો આગવો

મમત્વભાવ છે.

તા. ૨૬, ૨૭-૫-૨૦૨૨ના રોજ તેઓ પરિવાર સાથે ગોધર મંદિરે અભિષેક માટે ગયા હતા. ગોધર બે દિવસ પરિવાર સાથે રોકાયા હતા. તેમણે રોકાણ દરમ્યાન મંદિરમાં જોયું કે પગલુછણિયાં જૂનાં થઈ ગયાં હતાં. બાથરૂમમાં હજુ કપડાં મૂકવાની ખીંટીની યોગ્ય વ્યવસ્થા કરવાની બાકી હતી. આ જોઈ તેમણે ન તો ગોધર મંદિરના વ્યવસ્થાપકને ફરિયાદ કરી કે ન કોઈ પૂ. સંતોને કહ્યું, ન કોઈ સૂચનો કર્યા. ગોધર મંદિર પણ મારું છે એ ન્યાયે મંદિરમાં ઘટતી ચીજવસ્તુઓનું લિસ્ટ બનાવ્યું. રાજકોટ જઈ પગલુછણિયાં, બાથરૂમ માટેની સ્ટીલની એસેસરીઝ તથા અન્ય જરૂરી ચીજવસ્તુઓ સ્વખર્ચે ખરીદી ગોધર મંદિરે મોકલી આપી. છતાંય કોઈ ઊપસવાની ભાવના નહીં.

•••

વ્યવહારના માંગલિક પ્રસંગ હોય કે પછી વિકટ સંજોગ આવે તોપણ 'મંદિર મારું પહેલું' એવા મમત્વભાવથી સંસ્થાની સેવા કરનાર અતુલભાઈ અને જયાબેનના ઘરે તા. ૧૧-૨-૨૦૧૯ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે દીકરીનાં લગ્નની જાન આવવાની હતી. આ દિવસે પણ અતુલભાઈ અને જયાબેનનાં હૈયે દીકરીના લગ્નના આનંદ કરતાં મંદિરની સેવા કરવાનો ઉમળકો સમાતો ન હતો.

અતુલભાઈ હિંમતનગર મંદિરમાં પુરુષ વિભાગમાં અને જયાબેન મહિલા વિભાગમાં દરરોજ સવારે મંદિર, સભા હૉલ, પટાંગણમાં ચરણરજ-પોતું કરે આ તેમનો નિત્યક્રમ હતો. ત્યારબાદ બાથરૂમ તો ધોવાના જ. દરરોજ સવારે ૪ વાગે ઊઠે પણ લગ્નના દિવસે સવારે ૩ વાગે ઊઠી, પરવારી મંદિરે સેવા કરવા પહોંચી ગયાં. દરરોજ જે સેવા કરતા હતા તે સેવામાં અલ્પ કાપ ન મૂક્યો.

તેમને દીકરીના લગ્નના દિવસે સેવા કરતાં જોઈ કોઈએ પૂછ્યું, ''તમારે આજે દીકરીનાં લગ્ન છે તોપણ સેવા કરવા આવ્યા છો ?'' ત્યારે બંનેનો એક જ સૂર હતો : ''મંદિર મારું પહેલું. દીકરીનાં લગ્ન પછી. મારા મહારાજ અને મારા મંદિરની સેવામાં કદી ચૂક ન પડે.''

માર્ચ, ૨૦૨૩માં અતુલભાઈના દીકરા મિતને અચાનક ઍપેન્ડિક્સનો દુખાવો ઊપડ્યો હતો. તેને તાત્કાલિક હૉસ્પિટલાઇઝ કર્યો. ઑપરેશન કરાવવું પડ્યું. ઑપરેશન બાદ અતુલભાઈ અને જયાબેન મિતની સાથે હૉસ્પિટલ જ રહ્યાં. સવારે ૩:૩૦ વાગ્યે હૉસ્પિટલના કંપાઉંડરને બોલાવી બંનેએ વાત કરી કે, ''અમારે મંદિરે દરરોજ સેવા કરવા જવાનો નિયમ છે માટે તમે થોડી વાર દીકરાની દેખરેખ રાખજો અમે મંદિરે જઈને આવીએ છીએ.'' ''અરે પણ હજુ તો કાલે ઑપરેશન થયું છે અને તમે આ હાલતમાં દીકરાને એકલો છોડીને જશો ?'' ''ભાઈ, તમારી વાત સાચી છે. મિતને સાચવનાર મહારાજ છે, મંદિર અમારું પહેલું; સેવા કદી નવ ચૂકીએ. અમે સેવા પછી તુરત પાછા આવી જઈશું.'' બંને ઘરે જઈ સ્નાન કરી મંદિરે ગયાં. નિત્ય સેવા કરતાં હતાં તેટલી સેવા કરી સીધા હૉસ્પિટલ આવ્યાં પણ સેવામાં એક દિવસ પણ રજા રાખી નથી.

•••

મારું મંદિર, મારી સંસ્થા, મારા ગુરુનું વચન પહેલાં પછી મારી ઇચ્છા-અભરખા, પછી મારો ધંધો – એવા ગુરુમરજીના મરજીવા થઈ તન સમર્પણ કરવામાં સદા તૈયાર રહેનાર ઘનશ્યામનગર સેન્ટરના અનિલભાઈ ઝવેરભાઈ દેવાણીના મમત્વભાવને ધન્ય હો !

ઈ.સ. ૨૦૧૪માં અનિલભાઈએ બિલ્ડર તરીકે પોતાનો બહોળો ધંધો વિકસાવ્યો હતો. મોટી મોટી બે સાઇટો ચાલુ કરી હતી. એક સાઇટ ઉપર ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા હતા. આ પ્રસંગે ગુરુજીએ રુચિ જણાવી કે, ''અનિલ, ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ છે કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવો છે. આ માટે દેશ-વિદેશ અને ગુજરાતભરમાં ઠેર ઠેર મંદિરો તૈયાર કરવાં પડશે માટે હવે તમારે એની જમીન સંપાદન કરવાની સેવામાં હોમાઈ જવાનું છે. હવે બીજી નવી સાઇટ કરવાની નથી.'' ગુરુવચન એ જ જીવનનો રાહ બનાવનાર અનિલભાઈએ ત્યારપછી બીજી સાઇટ બનાવી નથી. સંસ્થાને સંપૂર્ણ મારી માની સેવામાં જોડાઈ ગયા.

ઈ.સ. ૨૦૨૧માં વર્ષોથી પડી રહેલ બે જમીન વેચી અને બીજા દિવસે સંસ્થાની ગૌશાળાનું ઉદ્‌ઘાટન હતું. આ પ્રસંગે ગુરુજી પધાર્યા હતા. અનિલભાઈ પણ આવ્યા હતા. તેમણે ગુરુજીની મરજી જાણવા પ્રાર્થના કરી કે, ''દયાળુ, જો આપ રાજી હોય તો બે જમીનના સારા પૈસા આવ્યા છે તો એક સાઇટ ખોલું ?'' ગુરુજીએ તરત કહ્યું, ''અનિલ, જો તારો જન્મ સાઇટ ખોલવા નહિ મહારાજના સંકલ્પો પૂરા કરવા છે. કોઈ સાઇટ ખોલવાની નથી. આ ગૌશાળાની બાજુમાં જમીન લઈ તારું ઘર બનાવી દે. આજથી આ ગૌશાળાની જવાબદારી તારી.'' નહિ કોઈ આનાકાની કે નહિ કોઈ રજૂઆત. પોતાના ભાવિ સંકલ્પો, આયોજનો પર લાલ લીટો મારી ગુરુમરજીમાં હોમાઈ ગયા. માત્ર મૅનેજમૅન્ટ કે લીગલ સેવા જ કરવાની એમ નહિ



મંદિરમાં ધણી નહિ, ઘરધણી થવું.

ખપ પડે તો સ્વચ્છતા અને ગૌશાળાની નાનામાં નાની સેવા કરવામાં પણ જોડાઈ જાય છે. ધન્ય હો તેમના મમત્વભાવને !

•••

ઘાટલોડિયા સેન્ટરના અલ્કેશભાઈ બી. પ્રજાપતિ ઘણા વર્ષોથી મંદિરની ઓડિયો-વિડિયોની સેવામાં જોડાયેલા છે. મંદિર મારું છે, હું ઘરધણી છું એવા મમત્વભાવથી વર્ષોથી સેવા કરી રહ્યા છે. તેઓ સામાન્ય ૧૩,૦૦૦ રૂપિયાના પગારમાં નોકરીની સાથે સેવા કરે છે. આજના મોંઘવારીના યુગમાં ૧૩,૦૦૦ રૂપિયામાં ઘરનું પૂરું કેવી રીતે થાય ? કેવી રીતે બે છેડા ભેગા કરવા ? આવા સંજોગોમાં તેમને પોતાની સ્કિલ મુજબ બહારગામથી સારા પગાર સાથે નોકરીની ઑફર આવી પણ જો ત્યાં નોકરી માટે જાય તો સેવા છૂટી જાય. મારું મંદિર, મારી સેવા પહેલી પછી નોકરી એ ન્યાયે તેમણે સારા પગારની નોકરીની તકને ઠુકરાવી સેવાને પ્રાધાન્ય આપ્યું. તેમના મંદિર અને સેવા પરત્વેના મમત્વભાવને ધન્ય હો !

•••

વિસનગરના સત્સંગ પ્રારંભના પાયામાં મહારાજે જેમને નિમિત્ત કર્યા છે એવા દશરથભાઈ અમથાભાઈ પટેલનો મંદિર પરત્વેનો મમત્વભાવ અદકેરો છે.

વિસનગરના સત્સંગની શરૂઆત તો તેમના થકી થઈ પણ મહારાજે ઈ.સ. ૨૦૧૫-૧૬માં મંદિરની જમીન લેવા માટે પણ તેમને નિમિત્ત કર્યા. મંદિરનું નિર્માણકાર્ય પૂરું થતાં તા. ૮-૮-૨૦૨૧ના રોજ સત્સંગ કેન્દ્રનું ઉદ્‌ઘાટન થયું. એ પહેલાંથી મંદિરની સેવા કરવા માટે ધંધાનો બધો વ્યવહાર દીકરાને સોંપી દીધો અને પોતે સેવા માટે સજ્જ થઈ ગયા હતા.

તા. ૧૧-૮-૨૦૨૧ના રોજ મહારાજે કસોટી કરી. દશરથભાઈ ચાલતા જતા હતા. સામેથી એક વાહન જોરથી ટકરાતાં ભયંકર ઍક્સિડન્ટ થયો. નીચેનો પગ ઘૂંટણમાંથી છૂટો પડી ગયો. તાત્કાલિક ઑપરેશન કરાવવું પડ્યું. દવાખાનેથી ડૉક્ટરે રજા આપી તો કહે, “મારો ખાટલો મંદિરે લઈ લો. હું ત્યાં સૂતાં સૂતાં જે સેવા થશે તે કરીશ.” દીકરાઓ પરાણે ઘેર લઈ ગયા. એક મહિના બાદ તેઓ વોકર લઈ ચાલતા થયા કે સીધા મંદિરે સેવા માટે પહોંચી ગયા. બસ, મારું મંદિર, મારી સેવા પહેલી પછી મારો દેહ. મંદિર હૉલની સ્વચ્છતા કરવાની હોય કે પૂજારીની સેવા હોય કોઈ પણ સેવા મારી, મારી જવાબદારી એવા મમત્વભાવથી સેવા કરી અપાર રાજીપો કમાઈ રહ્યા છે.

•••

શ્રીજી અર્થે અમારું જીવન, શ્રીજી એ જ અમારું જીવન.

આવું શ્રીજી અર્થે જીવન સમર્પિત કરનાર સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સેન્ટરના પ.ભ. શ્રી મેહુલભાઈ પનારાની સેવા નિષ્ઠાને ખૂબ ધન્યવાદ છે. બહુ નાની ઉંમરમાં પોતાની મોટી આવક હોવા છતાં તેને ઠુકરાવી ગુરુજીના વચને સામે ચાલી શ્રીજી અર્થે સેવા માટે સમર્પિત થઈ ગયા છે.

પોતે સંસ્થાના સાહિત્ય લેખન વિભાગમાં તથા છાત્રાલયમાં સેવા બજાવી રહ્યા છે. તેઓના સેવાના નિત્યક્રમને નિહાળીએ તો સવારે સેવામાં આવવાનો સમય નક્કી હોય પણ ઘરે પરત જવાનો સમય નક્કી ન હોય. એમાંય કદી રવિવાર સામું જોયું નથી.

ઈ.સ. ૨૦૧૨માં એસ.એમ.વી.એસ. રજત જયંતી મહોત્સવના ગણતરીના દિવસો બાકી હતા. સંસ્થાના સાહિત્ય લેખન વિભાગમાં નૂતન પુસ્તકોનું લેખનકાર્ય પુરજોશથી ચાલતું હતું. મેહુલભાઈના ટેબલ પર પડેલા ફોનની ઘંટડી અચાનક રણકી. સામેથી સમાચાર મળ્યા, “તમારી દીકરી મહિમા રમતાં રમતાં પડી ગઈ છે અને માથામાં અને મોં પર વાગ્યું છે, લોહીની ધાર વહી રહી છે અને તે બેભાન અવસ્થામાં છે. તમે તાત્કાલિક ઘરે આવો.” “હું અત્યારે સેવામાં છું. તેની મમ્મીને સારવાર કરાવવાનું કહો.” આટલું કહી ફરી સેવાકાર્ય ચાલુ રાખ્યું.

બે-ત્રણ વખત ફોન આવતાં મેહુલભાઈ ઘેર ગયા અને દીકરીની જરૂરી સારવાર કરાવી દસ જ મિનિટમાં ફરીથી સેવા કરવા નીકળતા હતા ત્યારે તેમનાં ધર્મપત્ની અને આડોશી-પાડોશીએ સમજાવવા માંડ્યું, “મેહુલભાઈ ! તમારા સિવાય પુરુષ સભ્યમાં બીજું કોઈ નથી. માટે તમે રોકાઈ જાવ. દીકરી અઢી વર્ષની નાની વયની છે. અને તમે ઘરે રહો એ વધુ જરૂરી છે.” મેહુલભાઈએ કહ્યું, “મંદિર અને મારી સેવા પહેલાં. એ મહારાજની દીકરી છે, મહારાજ બધું સંભાળી લેશે.” આટલું કહી તેઓ સેવામાં પહોંચી ગયા હતા. ઘેર આવો પ્રસંગ બન્યો છતાં પણ હૈયામાં એક જ મહેચ્છા હતી કે બસ, મહારાજને રાજી કરી લેવા છે. પૂ. સંતોને જાણ થતાં તેમને સમજાવી ઘરે મોકલ્યા. તેમ છતાં તેમનું ચિત્ત તો સેવા તરફ જ હતું. દેહ ને દેહના સંબંધી કરતાં પોતાનાં સાચાં સગાં એવા ભગવાન અને સંતો તથા એમની સેવાને હંમેશાં અગ્રતા આપનાર મેહુલભાઈને કોટિ કોટિ ધન્ય હો...

ખરેખર મંદિર, સંસ્થા અને ગુરુજી આપણા આધ્યાત્મિક અને વ્યવહારિક બંને જીવનની પુષ્ટિ સાથે અવિભાજ્યપણે જોડાયેલા છે. ત્યારે આપણા જીવનમાં પહેલું સ્થાન, ખરું મમત્વ એમને વિષે કરીએ. એમના માટે તને કરીને જે સેવા કરવાની તક મળે તે માટે તત્પર રહીએ.

સેવા એ દોષોને ધોવાનો ડિટર્જન્ટ પાઉડર છે.



# મારી સેવા મારી જવાબદારી

એક વાત સનાતન સત્ય છે કે, જેટલું જવાબદાર વ્યક્તિનું મૂલ્ય હોય છે તેટલું મૂલ્ય બેજવાબદાર વ્યક્તિનું હોતું નથી અને તેથી જ ગુરુદેવ પ.પૂ. બાપજી હંમેશાં કહેતા કે, સત્સંગમાં ચાર પ્રકારના હરિભક્તો હોય છે :

**૧. શત્રુ જેવા :** જે પોતે સેવા કરે પણ નહિ અને બીજાને સેવા કરવા પણ દે નહીં.

**૨. મહેમાન જેવા :** જેમ મહેમાન હોય તેમને બહુ સાચવવા પડે તેમ જેને સાચવવા બહુ પડે, તે સેવા ઓછી કરે અને સૂચનો ઝાઝાં કરે. વળી, સેવા માટે તનથી ઘસાવાની કે સમય આપવાની તૈયારી ન હોય. ક્યાંક જરાક સચવાય નહિ તો તરત ખોટું લાગી જાય. આવા હોય તે મહેમાન જેવા કહેવાય.

**૩. દાડિયા જેવા :** જેમ દાડિયાની નજર કામ કરવામાં હંમેશાં ઘડિયાળ સામું હોય છે. અને જે કામ કરે તેનું વળતર માંગી લેવા તરફ જ હોય તેમ આવા ભક્તોની નજર સેવામાં સમય સામે અને સેવાના બદલામાં સકામભાવ તરફ જ હોય. જો પોતાની સકામભાવના પૂરી ના થાય તો સેવા મૂકી દે.

**૪. ઘરધણી જેવા :** સેવામાં બીજાની રાહ ન જુએ, સેવામાં સંકલ્પ ન કરે તથા વફાદારીપૂર્વક અને જવાબદારીપૂર્વક સેવા કરે, વધારાની સેવા પણ ઉત્સાહથી કરે.

સંસ્થાને, મોટાપુરુષને તથા મંદિરને પોતાનું માની કેટલાય હરિભક્તો કર્તવ્યનિષ્ઠ બની, ઘરધણી થઈ સેવા બજાવે છે તેમાંના કેટલાક પાત્રોની સેવાનિષ્ઠાને નિહાળીએ.

મંદિરને ઘર કરી સદા કર્તવ્યનિષ્ઠપણે સેવા બજાવનાર બાયડ સેન્ટરના હરિભક્ત પ્રદીપભાઈ નરભેરામ દવેમાં રહેલી સેવા-જવાબદારી પ્રત્યેની નિયમિતતા અને મંદિર પરત્વેનો મમત્વભાવ ખરેખર પ્રેરણારૂપ છે. તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૭ના રોજ તેઓ મંદિરે ઠાકોરજીનાં દર્શન કરવા ગયા હતા. ત્યારે પૂ. સંતોએ તેમને રુચિ જણાવી કે, “પ્રદીપભાઈ, આજથી મંદિરમાં ચરણરજ-પોતાંની (કચરા-પોતાંની) સેવા આપ કરશો ? આપને અનુકૂળ આવશે ને ?” પૂ. સંતોનાં વચન સાંભળી જાણે મહારાજે સ્વયં મને સેવા સોંપી ! આ સેવા મારા સુધી હોય જ ક્યાંથી ! એવા અહોભાવના વિચારે પૂ. સંતોની આજ્ઞા અધ્ધરથી ઝીલી લીધી. બીજા જ દિવસથી તેઓએ મંગળા આરતી બાદ મંદિરમાં ચરણરજ-પોતાંની સેવા શરૂ કરી દીધી જે અદ્યાપિ ચાલુ છે.

નવાઈની વાત તો એ છે કે કોઈ અનિવાર્ય સંજોગોમાં બહારગામ ગયા હોય ત્યાંથી રાત્રે ૧૦ વાગ્યે બાયડ પહોંચ્યા હોય તો પહેલાં મંદિર પહોંચે અને ચરણરજની સેવા કરે પછી જ ઘરે જાય. કોઈએ તેમને કહ્યું કે, “પ્રદીપભાઈ, રાત્રે ચરણરજ શા માટે વાળવી જોઈએ ? સવારે તો ફરી કરવાની જ છે ને ! રહેવા દો.” ત્યારે તેમના મમત્વભાવભર્યા ઉદ્ગારો હોય કે, “ઘરમાં એક દિવસ પણ કચરા-પોતાં વિના નથી



સેવામાં મહિમા ભળે ત્યારે તે સાધના બને છે.

ચાલતું તો પછી મંદિર મારું ઘર છે. તો ત્યાં શા માટે એક દિવસની પણ રજા રાખવી ?"

વધુમાં મંગળવારની અઠવાડિક સભા પૂર્ણ થાય એટલે સમગ્ર મંદિરની સ્વચ્છતા કરવા જોડાઈ જાય. વાસણ તથા પાણીના જગ ધોવા તથા રસોડાની સ્વચ્છતામાં જોડાઈ જાય. ત્યારબાદ કોઠાર તથા રસોડાને તાળું મારીને જ જાય. કોઈ વખત તેમની રાહે ઊભેલા ઘરનાં સભ્ય ઉતાવળ કરાવે તો કહે, "આપણા ઘરે કોઈ પ્રસંગ પૂરો થાય તો મહેમાન બધા જતા રહે પણ ઘરના સભ્યોએ જ તમામ કામ પૂરાં કરવાનાં હોય. તેમ આ મંદિર આપણું ઘર છે. માટે મંદિરનો પ્રસંગ પૂરો થાય પછી તમામ સેવાઓ પૂરી કરીને જ ઘરે જવાનું હોય." તેઓના ઘરધણીપણાના ગુણને જોઈ પૂ. સંતો અને હરિભક્તો ખૂબ રાજી થાય છે તો મહારાજ અને વ્હાલા ગુરુજી તો કેટલા રાજી થતા હશે !

●●●

ઈ.સ. ૨૦૨૦નું વર્ષ એટલે કોરોનાકાળનો ભારે ઉપદ્રવ. કોરોનાના સંક્રમણથી આબાલવૃદ્ધ સૌ કોઈ ડરવા લાગ્યા હતા. સરકારશ્રી તરફથી શાળા, મહાશાળા, સ્ટેશનો, મંદિરો આદિ જાહેર સ્થળોએ જવા પર પ્રતિબંધ મુકાયો હતો.

આવા કપરા સમયે દેહની પરવા કર્યા વિના, જીવના જોખમે પણ મંદિરમાં રહેલા ઠાકોરજીની સેવાને પ્રાધાન્ય આપતા ઘનશ્યામનગર સેન્ટરના ઇન્ડિયા કોલોની વિસ્તારમાં રહેતા નાગજીભાઈ શામજીભાઈ કોરડિયાની સેવાભક્તિને ધન્યવાદ છે. તેઓ ઘનશ્યામનગર મંદિરે પૂજારી તરીકેની સેવા નિભાવે છે. રોજ સવારે સાડા પાંચ વાગે ત્રણ કિલોમીટર દૂરથી સાઈકલ પર સવાર થઈ પોતે ઘનશ્યામનગર મંદિરે હાજર થઈ જતા. એક દિવસ રસ્તામાં પોલીસે તેમને ઊભા રાખ્યા અને પૂછ્યું, "ક્યાં જાવ છો ?" તો કહે, "મંદિરે." પોલીસે કહ્યું, "મંદિરો તો અત્યારે બંધ છે ને !" તો જવાબ આપતાં કહ્યું, "ભાઈસાહેબ, મંદિરો બંધ છે. પરંતુ મંદિરમાં ભગવાન તો અખંડ બિરાજે છે. તેમની સેવા-પૂજા કર્યા વિના કેમ ચાલે ? માટે નિયમિત ત્યાં સેવા-પૂજા-આરતી થાય છે. ઠાકોરજીની સેવા બંધ નથી થઈ." આ સાંભળી પોલીસ પણ નાગજીભાઈની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ અને જવાબદારીની સભાનતા જોઈ સ્તબ્ધ થઈ ગયા. પછીથી રોજ એ રસ્તેથી પસાર થતાં નાગજીભાઈને તેઓ ક્યારેય રોકતા નહીં. અને મહારાજે પણ ભક્તની સેવાભાવના જોઈ આટલી ઉંમરે પણ કોરોના તેમને સ્પર્શવા દીધો નહોતો ! ખરેખર, 'દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી.'

●●●

હાલ મોડાસા ખાતે સ્પિરિચ્યુઅલ સેન્ટરના નિર્માણ માટે ગુરુજીની આજ્ઞાથી જેઓનો પરિવાર એકલો સ્પિરિચ્યુઅલ સેન્ટરની જમીન પર નિવાસ કરીને રહ્યો છે એવા કડી સેન્ટરના અલ્પેશભાઈ બળદેવભાઈ પટેલના ગુરુમુખીપણા અને ઘરધણીપણાના અંગથી ખરેખર રાજી થવાય તેમ છે.

અલ્પેશભાઈને ઈ.સ. ૨૦૧૭માં વ્હાલા ગુરુજીએ મોડાસા મંદિરના બાંધકામ વખતે મંદિર દેખરેખની સેવા માટે સપરિવાર મોડાસા રહેવાની આજ્ઞા કરેલી. પોતાનાં ધર્મપત્ની અને સાત મહિનાની દીકરીને લઈ તેઓ મોડાસા સ્થાયી થયા. વર્ષાઋતુના દિવસો હતા. રોજ તેઓ આખો દિવસ મજૂરો પાસે ખડે પગે ઊભા રહી મંદિરનિર્માણનું કામ કરાવતા. જરૂર પડે ત્યાં પોતે પણ તનની સેવા કરી કાર્યમાં સહભાગી થતા. આખો દિવસ થાકીને લોથ થઈ ગયા હોય. એક દિવસ તેમના ધ્યાનમાં આવ્યું કે સિમેન્ટ, સળિયા આદિ કેટલોક બાંધકામનો સામાન ઓછો થયો લાગે છે. ચોરીની શંકા જતાં તેમણે રોજ રાત્રે દોઢથી સાડા ત્રણ-ચાર વાગ્યા સુધી જાગી, સામાન પાસે બેસી ચોકીપહેરો કરવાનું શરૂ કર્યું. આખા દિવસના થાક, ઊંઘ-ઉજાગરા, દેહના ભીડાને અવગણી તેઓ એક ઘરધણી થઈ સામાન સાચવવા બેસતા. એક જ વિચાર તેઓને રહેતો કે, 'ગુરુજીએ કેટલા વિશ્વાસથી મને આ સેવાની જવાબદારી સોંપી છે ! તો મંદિરના કામમાં સહેજ પણ નુકસાન થવું જોઈએ નહીં.' તેઓનો આ ક્રમ સતત એક વર્ષ સુધી ચાલ્યો.

અત્યંત રાજીપાની અને પ્રેરણારૂપ વાત તો એ કહેવાય કે ગુરુજીની આજ્ઞા થાય એટલે પરિવાર સાથે તેઓ જે તે સેન્ટરમાં મંદિરનિર્માણની સેવા માટે સ્થાયી થઈ જાય. સૌપ્રથમ મોડાસા ત્યારબાદ ભૂજ મંદિરનિર્માણની સેવા અને હાલ સ્પિરિચ્યુઅલ સેન્ટરની જમીન પર પણ જંગલસમ વાતાવરણની વચ્ચે તેઓનો પરિવાર એકલો જ ત્યાં નિવાસ કરીને રહ્યો છે. સાથે તેમના ઘરનાં સભ્ય પણ એટલા જ ઉત્સાહથી ભેગા ભળે. જે સ્થળે જાય ત્યાં દીકરીના ભણવાની વ્યવસ્થા કરી સંપૂર્ણ સહકાર આપે. પરિવારના કે સ્વનાં સુખ, ઇચ્છા, મનોરથ સામે ન જોતાં કેવળ ગુરુજીના રાજીપા સામે દૃષ્ટિ રાખી સેવામાં અવિરતપણે ઘરધણી થઈ દોડનાર સેવાભક્તિના ઉદાહરણરૂપ અલ્પેશભાઈ ખરેખર મહિમાની મૂર્તિ છે !

●●●

ઘાટલોડિયા સેન્ટરમાં સ્ટેજ ડેકોરેશનની સેવા સંભાળતા વીરેન્દ્રભાઈ જમનાપરા અને શક્તિસિંહ ચુંડાવત બંને મુક્તો નોકરી કરે છે. પરંતુ મોટા પ્રોગ્રામ આવતા હોય તેમાં પૂ. સંતો કે અગ્રેસર હરિભક્તોનો સ્ટેજની કોઈ પણ સેવા માટે તેમના પર ફોન જાય એટલે કદી ના ન પાડે. રાત્રે ૧૧ વાગ્યે નોકરી પરથી છૂટે તો સીધા મંદિરે પહોંચી જાય. રાતના ૧૧થી સવારના ૫ વાગ્યા સુધી બંને સ્ટેજની સેવા પૂર્ણ કરે. પોતાની સેવા પરત્વેની જવાબદારી નિભાવવા ઊંઘ સામે નજર નથી કરતા. આ પાત્રોમાંથી પ્રેરણા લઈ આપણે પણ જવાબદારીપૂર્વક સેવા

નિભાવવાના દૃઢ સંકલ્પી બનીએ.

•••

સંસ્થા પ્રત્યે વફાદાર અને મમત્વભાવના તાંતણાથી જોડાયેલા ઘરધણી મુક્ત પ્રવીણભાઈ પી. બાંભરોલિયા ગુરુજીની આજ્ઞાથી સંસ્થાના વહીવટીય વિભાગની સેવા નિભાવી રહ્યા છે. તેઓની સૂઝ, દીર્ઘદૃષ્ટિ અને ચોકસાઈપૂર્વકના ગુણથી ગુરુજી તેમની પર ખૂબ રાજી છે.

ઘરમાં ગમે તેવા વિકટ કે અસામાન્ય સંજોગો હોય પરંતુ સંસ્થાના વહીવટીય વિભાગની સેવામાં તેઓ ક્યારેય રજા પડવા દે નહીં. એક વખત ઑગસ્ટ, ૨૦૧૯માં તેમને એક સેન્ટરમાં વહીવટીય સેવા માટે જવાની તારીખો અગાઉથી નક્કી થઈ ગયેલી. પરંતુ એ દિવસોમાં જ તેમના ધર્મપત્નીને કમરનો અસહ્ય દુખાવો થયો. પથારીમાંથી બેઠાં ન થવાય તેવી સ્થિતિમાં ઘરમાં પ્રવીણભાઈના પિતા અને દીકરાને સાચવવાની જવાબદારી કેવી રીતે નિભાવી શકે ? માટે તેમણે પ્રવીણભાઈને સેવામાં થોડા દિવસ પછી જવા માટે કહ્યું. પરંતુ જવાબદારી પ્રત્યે સંપૂર્ણ સાવધ એવા પ્રવીણભાઈએ તેમને બળનાં વચનો કહી ઘરની પરિસ્થિતિને ગૌણ કરી બધું મહારાજ પર છોડી સેવામાં જઈ જવાબદારી નિભાવી હતી. તેમનો આ જવાબદારી પ્રત્યેનો મમત્વભાવ ખરેખર સૌ કોઈને અનુકરણ માટે ઉદાહરણરૂપ સાબિત થાય તેવો છે.

•••

જૂન, ૧૯૯૦માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ દીપકભાઈ જોષીને પોતાનું ગૅરેજ બંધ કરીને આજીવન સેવામાં આવી જવાની આજ્ઞા કરી. બે દીકરીઓ નાની હોવા છતાં સેવાના સંકલ્પમાં ઘરધણી થઈ હોમાઈ ગયા. તેમણે પોતાની સેવાની જવાબદારી નિભાવવામાં પોતાના દેહ સામે કે પરિવારના સભ્યો સામે પણ જોયું નથી.

જાન્યુઆરી, ૨૦૦૩માં ન્યૂજર્સી મંદિરના લીગલ તથા કન્સ્ટ્રક્શન કામ માટે જવાની ગુરુદેવ પ.પૂ. બાપજીએ આજ્ઞા કરી. સેવા ચાલુ હતી એ દરમ્યાન ૧૦ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ તેમનાં માતુશ્રી ધામમાં ગયાં. અમદાવાદથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ફોન કરી કહ્યું, “આપ આવી જાવ. સેવા પછી પૂરી કરીશું.” ત્યારે ખરા ઘરધણી, સેવાની જવાબદારી માટે જાગૃત દીપકભાઈએ કહ્યું, “દયાળુ ! ભાઈઓ સાથે વાત થઈ ગઈ છે. તેઓ માતુશ્રીનો અંતિમ વિધિ પૂર્ણ કરશે. બસ, માતુશ્રી માટે એટલી પ્રાર્થના છે કે એમના ચૈતન્યને વધુ ને વધુ મૂર્તિનું સુખ આપજો.” ત્યારબાદ સેવા પૂર્ણ કરી અમદાવાદ આવ્યા.

જુલાઈ, ૨૦૦૩માં ફરી ન્યૂજર્સી મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ગયા હતા. એ દરમ્યાન તેમના પિતાશ્રી ધામમાં ગયા. પ્રતિષ્ઠા પ્રોગ્રામમાં મૅનેજમૅન્ટ, રસોડું, સ્વચ્છતા કે પછી કોઈ પણ નાનામાં નાની સેવામાં મુખ્ય જવાબદારી તેઓ નિભાવતા હતા. તેથી આ પ્રસંગે પણ તેમણે પોતાની લાગણી, ઇચ્છા અને પરિવાર કરતાં પણ જવાબદારીને મુખ્ય પ્રાધાન્ય આપ્યું. એ પછી તેઓ ઈ.સ. ૨૦૦૬ સુધી ન્યૂજર્સી મંદિરની A to Z સેવા બજાવતા રહ્યા હતા. ઈ.સ. ૨૦૦૭માં મુંબઈ કાંદિવલી ખાતે ભૂમિપ્રવેશનો પ્રોગ્રામ હતો. આ પ્રસંગે તેઓ લાભ લેવા ગયા હતા. પ્રોગ્રામ પૂર્ણ થતાં ગુરુદેવની આજ્ઞાથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અગાઉથી કંઈ પણ પૂછ્યા વિના નિધડકપણે સભામાં જાહેરાત કરી દીધી કે, “હવેથી મુંબઈ મંદિરની સમગ્ર સેવા દીપકભાઈ સંભાળશે.” અને એક જ અઠવાડિયામાં મુંબઈ કાંદિવલી મંદિરે સેવામાં આવી જવા આજ્ઞા કરી.

તેઓ પ્રથમ વખત મંદિરે આવ્યા ત્યારે એક પતરાવાળી ઓરડી હતી. અંદર નર્યો કચરો, કાંટા, ખીલીઓ, કાટમાળ પડેલો હતો. તેમણે એકલા હાથે બધું સાફ કર્યું. પોતે જમાડવા માટે બે દિવસના ૧૨ થેપલાં લઈને આવ્યા હતા. પરંતુ પરિસ્થિતિ જોતાં અઠવાડિયા સુધી રસોડાની કોઈ વ્યવસ્થા થાય તેમ ન જણાતાં તેઓ રોજ સવારે ૧ થેપલું અને સાંજે ૧ થેપલું કેળાં અને પાણી જોડે લઈ લેતા. ૧૨ થેપલાં એક અઠવાડિયું ચલાવ્યાં પણ પોતાની સેવાની જવાબદારી નિભાવવામાં તેમણે કદી પાછી પાની ભરી નથી. વિકટ સંજોગ આવે એમ એમ એમની સેવાનો ઉત્સાહ વધતો જાય. તેમની સેવાની જવાબદારી, કર્તવ્યનિષ્ઠાને ધન્ય હો !

•••

સેવામાં ઉંમરને બાધ નથી. નાના હોય કે મોટા જે ઘરધણી થઈ જવાબદારીપૂર્વક સેવા નિભાવે તેના પર સૌ કોઈના અંતરનો રાજીપો વરસે છે. વાસણા સેન્ટરના બાળ મંડળના બાળ લીડર તરીકેની સેવા નિભાવતા બાળમુક્ત હરિ અને વદન બંને સગાં ભાઈઓ છે. ગુરુજીની આજ્ઞાથી બાળ લીડરની સેવા તેઓ ખૂબ ઉત્સાહપૂર્વક નિભાવી રહ્યા છે. દરેક સભામાં બાળકોને ફોન કરવા, બાળકોને નવી ગેઈમ રમાડવી, નવી ઍક્ટિવિટી વિચારીને લાવવી, બાળકોના ઘેર ઘેર જઈ સંપર્ક કરી બાળ મંડળમાં સંખ્યા વૃદ્ધિ કરવી વગેરે સેવા-જવાબદારી આટલી નાની ઉંમરે પણ ઉપાડતા થયા છે.

એક વખત મંદિરમાં બાળ સમર કૅમ્પનું આયોજન થયેલું. ત્યારે આ બંને બાળમુક્તોએ પોતાના સંચાલકને સામેથી સેવા માટે પૂછી સેવા ઉપાડી લીધી. સ્ટેજ કેવું બનાવવું તે જાતે વિચારી સ્ટેજ માટેનું મટિરિયલ શોધ્યું અને ખૂબ સુંદર સ્ટેજ બનાવી સંચાલક મુક્તોનો ભીડો ઓછો કરાવ્યો હતો. બંને બાળમુક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ !

સેવા-જવાબદારી પ્રત્યે મમત્વભાવ કેળવનારા આ ઘરધણી બાળપુષ્પોના જીવનમાંથી આપણે પણ મંદિરની કોઈ સેવા જવાબદારીપૂર્વક ઉપાડતા અને નિભાવતા થઈએ એ જ તેઓના ગુણને બિરદાવ્યાની નિશાની છે.

જગસુખની વાસના ટાળ્યાનાં સાધનો શ્રીહરિએ વચનામૃતમાં ઘણા જણાવ્યા છે. તેમાં સર્વે કોઈ ગ્રહણ કરી શકે અને વાસના મુક્ત બની શકે તેવું સહેલું અને ઉત્તમ સાધન છે – સેવાનું વ્યસન. માત્ર સેવા કરવી એવું નહિ પણ અપેક્ષા રહિત, એકમાત્ર રાજીપાના ઈશકથી, સૌને વિષે દિવ્યભાવ કેળવીને એકધારી સેવા થાય તો વાસના રહિત થવાય.

સંસ્થામાં એવા કેટલાય હરિભક્તોની શૃંખલા રચાઈ છે કે જેમને સેવાનું એવું વ્યસન પડી ગયું છે કે ગમે તેવા સંજોગ-પરિસ્થિતિમાં પણ એકધારી સેવા કરી ગુરુજી તથા પૂ. સંતોને હાશ કરાવી છે. તેમાંના થોડાક પાત્રોના જીવન પ્રસંગોને વાગોળીએ.

ઈ.સ. ૨૦૧૨માં હાલ મૂ.નિ. ગિરીશભાઈ પટેલ એસ.એમ.વી.એસ. સંસ્થા સાથે જોડાયા ત્યારથી સમાગમની સાથે સેવાના વ્યસની બની ગયા હતા. નરોડા મંદિરની બાજુમાં ચાલતી ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળકો માટે તેઓ દરરોજ સવારે મોટું તપેલું ભરીને ખીચું બનાવતા હતા.


જુલાઈ, ૨૦૧૭માં એક વખત તપેલામાં ખીચું બનાવવા પાણી ઊકળવા મૂક્યું. બાજુમાં ખુરશી નાખી બેઠા અને મહારાજની ઈચ્છાથી ખુરશી ખસેડી લોટ નાખવા ઊભા થવા ગયા ને સરતચૂકથી લોટને બદલે પોતે જ ઊકળતા પાણીના તપેલામાં પડી ગયા. આજુબાજુના અન્ય હરિભક્તોને ખબર પડતાં ગિરીશભાઈને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કર્યા. ગિરીશભાઈની પરિસ્થિતિ જોતાં ડૉક્ટરે કહ્યું, “આ કેસ વધુ જીવશે નહીં.” ગિરીશભાઈ સાંભળી ગયા તો તરત બોલી ઊઠ્યા, “મહારાજ મને મૂર્તિનું સુખ આપશે એથી રૂડું શું !!” પરંતુ મહારાજની ઈચ્છાથી ગિરીશભાઈનું સ્વાસ્થ્ય સારું થતું ગયું. હૉસ્પિટલમાંથી રજા મળી. મંદિર અવાય તેવું સારું થતાં ફરીથી મંદિરે સેવામાં આવી ગયા. સામેથી ખીચું બનાવવાની સેવાની માંગણી કરી. હરિભક્તોએ ઘણી ના પાડી છતાં તેઓ એકના બે ન થયા; સેવા ચાલુ જ રાખી. શિયાળો-ઉનાળો-ચોમાસું એમ ત્રણેય ઋતુમાં પોતે રાત્રે બહાર મંદિરના ચોગાનમાં જ ખાટલો ઢાળી સૂવાની સેવા કરતા. નરોડા મંદિરની દેખરેખ રાખવાની સેવા તેઓની અદ્‌ભુત હતી. તેઓનો સંકલ્પ હતો કે, ‘મહારાજ મને આ રીતે મંદિરમાં સેવા કરતાં કરતાં જ ધામમાં લઈ જાય.’ મહારાજે તેઓનો સંકલ્પ પૂર્ણ કર્યો.

તા. ૨૭-૧૨-૨૦૨૨ના રોજ સવારથી ગિરીશભાઈને હૃદયમાં થોડો દુખાવો હતો પરંતુ આ દિવસે સંસ્થા દ્વારા સ્ટાફ શિબિરનું આયોજન કરવામાં આવેલું તેથી દુખાવાને અવગણી પોતે સ્ટાફ શિબિરમાં ગયા. સાંજે વાસણા મંદિર ખાતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નરોડા સેન્ટરના અગ્રગણ્ય હરિભક્ત પ.ભ. શ્રી હરિભાઈ દ્વારા તેઓ સેવાના વ્યસની છે એવા ખૂબ ગુણાનુવાદ થયા. ગુરુજીએ ગિરીશભાઈને ભેટણ લીલાનો લાભ આપ્યો. એ રાત્રે નરોડા મંદિરે બસમાંથી ઊતરી પોતાની જગ્યાએ સૂવા જતા હતા. અચાનક છાતીમાં વધુ દુખાવો થયો અને બાથરૂમમાં જતાં મહારાજની ઈચ્છાથી ત્યાં જ ધામમાં જતા રહ્યા. આમ, જીવનનો છેલ્લો શ્વાસ પણ મંદિરના આંગણે લઈ નિસ્પૃહી એવા ગિરીશભાઈ મહારાજની મૂર્તિસુખે સુખિયા થઈ ગયા.

•••

‘સત્સંગી માત્રના સુખ-દુઃખમાં ભાગીદાર થઈશ.’ આ જીવનમંત્રની કલમ જેમણે જીવનમાં સાર્થક કરી છે એવા ઘાટલોડિયા સેન્ટરના પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ પટેલને સંતો-ભક્તોની સેવાનું વ્યસન પડી ગયું છે. સમાચાર મળે કે આ હરિભક્ત બીમાર પડ્યા છે, હૉસ્પિટલમાં છે કે ધામમાં ગયા છે તો તેઓની મદદે સૌથી પહેલાં પહોંચી જ ગયા હોય. ઘાટલોડિયા કે અન્ય સેન્ટરના હરિભક્તોની દેખભાળ તેઓએ સ્નેહીજનો કરતાં પણ વધુ રાખી છે. તે માટે દેહથી ઘસાવું પડે કે પૈસાથી કે પછી સમયનો ભોગ આપવો પડે છતાંય હંમેશાં તૈયાર જ હોય.

ઈ.સ. ૨૦૦૭માં ઘાટલોડિયા સેન્ટરના હરિભક્ત



# સેવાનું વ્યસન

**સેવાનું જો વ્યસન કરીએ તો વાસના નિર્મૂળ થાય;**
**દિવ્યભાવે કરીએ સેવા તો ઉકાખાચર થવાય.**

યોગેશભાઈ ગજ્જર બહુ નાની ઉંમરે હૃદયરોગની બીમારીને લીધે ધામમાં ગયા. તેમના ધર્મપત્નીને સમાચાર મળતાં તેઓ આઘાત લાગતાં બેભાન થઈ ગયાં. ઘરમાં યોગેશભાઈની નનામી અને બીજી બાજુ તેઓના ધર્મપત્નીને તાત્કાલિક હૉસ્પિટલાઇઝ કરવાના થયાં. ત્યારે ઘનશ્યામભાઈ પોતાની ગાડીમાં તેઓના ઘરના એક મહિલા સભ્યને સાથે લઈ યોગેશભાઈના ધર્મપત્નીને રાત્રિના ૧૨ વાગ્યે હૉસ્પિટલ લઈ ગયાં. આખી રાત ઘનશ્યામભાઈએ બહાર બેંચ પર બેસી મહિલા સભ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. સવારે તે બહેન ભાનમાં આવતાં ઘનશ્યામભાઈએ તેમને ખૂબ સમજાવી, બળ આપી ઘરે લાવ્યાં અને યોગેશભાઈનો અંતિમ વિધિ કરાવ્યો.

આંખની પણ ઓળખાણ ન હોવા છતાંય મારા મહારાજ અને મોટાના સંબંધયોગને પામેલા સત્સંગી બંધુઓ જ મારા સાચાં સગાં છે તેવું દૃઢપણે સમજી સેવા કરનાર ઘનશ્યામભાઈ પર ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી અત્યંત રાજી છે. આવા તો એક-બે નહિ અનેક પ્રસંગો તેમના જીવનના છે.

•••

ઈસનપુર સેન્ટરના રાવજીભાઈ પટેલ સેન્ટરમાં વહીવટીય વિભાગની સેવા સંભાળે છે. મહારાજની ઇચ્છાથી થોડા સમય પહેલાં તેઓનાં ધર્મપત્ની ધામમાં ગયાં. પૂ. સંતોને સમાચાર મળતાં રાત્રિના ૧૨ વાગ્યે રાવજીભાઈને સાંત્વના આપવા ફોન કર્યો. એ સમયે તેઓના ધર્મપત્નીનો મૃતદેહ તેમની નજર સમક્ષ જ હતો છતાં રાવજીભાઈએ પૂ. સંતોની વાત શાંતિથી સાંભળી જાણે કશું જ બન્યું ન હોય તેમ પૂ. સંતોને કહ્યું “દયાળુ, આપ મંદિરે પધારો ત્યારે આ બે હરિભક્તોનું તેમની સેવા માટે ફૉલોઅપ લેવાનું છે.”

ભલે ગમે તેવી પરિસ્થિતિ બની પરંતુ પોતાની સેવા-જવાબદારી પરત્વે રાવજીભાઈ કેટલા સભાન હશે અને સેવા કરવાનું કેવું અંગ હશે કે આવા દુઃખદ સમયમાં પણ પૂ. સંતોને સેવાની વાત કરી શક્યા. આ જ તેઓની સ્થિતપ્રજ્ઞતા તથા સેવા પરત્વેની નિષ્ઠાનાં દર્શન કરાવે છે.

•••

ઈ.સ. ૨૦૦૧માં સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવની જોરશોરથી તૈયારી ચાલી રહી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગરના હરિભક્ત ગજુભાઈ ઝાલાને પૂછ્યું “ગજુભાઈ, તમે શું કરો છો?”

“દયાળુ, કંપનીમાં નોકરી કરું છે.”

“ગજુભા, મહારાજના સંકલ્પની સેવામાં ભળવાનો વખત પાકી ગયો છે. ગોધર મંદિરે ઘરધણી હરિભક્તની સેવામાં જરૂર છે. તો મહારાજની આજ્ઞા છે કે તમે ગોધર પૂ. નિર્ગુણસ્વામીની જોડે સેવામાં પહોંચી જાવ.”

“ભલે બાપજી, જેવી આપની મરજી.”

ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાને શિરોવંદ્ય કરી ગજુભા નોકરી છોડી ગોધર સેવામાં જવા તૈયાર થઈ ગયા. કોઈ હરિભક્તે કહ્યું, “ગજુભા, તમે છેક ગોધર-પંચમહાલ સેવામાં જશો? તમારાં ધર્મપત્ની એકલાં રહેશે? દીકરો તેર વર્ષનો અને દીકરી સાત વર્ષની છે. તેમનાં લગ્ન બાકી છે.”

“ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા છે તો મહારાજ બધું સાચવશે.” એમ કહી ગોધરની વાટ પકડી. સેવાયજ્ઞમાં હોમાઈ ગયા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગજુભાના સેવાના આગ્રહ માટે કહેતા હોય છે, “ગજુભા એટલે દાઢીની દાઢી; સાવરણીની સાવરણી. કોઈ પણ સેવા હોય ગજુભા સેવામાં પહેલાં પહોંચી જાય. તેઓ જ્યારે ગોધર મંદિરે સેવામાં ગયા ત્યારે પતરાવાળી નાની ઓરડી હતી. ત્યારે ગજુભા થાળની રસોઈ બનાવવી, કૅમ્પસ સ્વચ્છતા કરવાથી માંડી તમામ સેવા એકલા હાથે સંભાળતા. આજે ૨૩ વર્ષ બાદ ગોધર મંદિરનો વિસ્તાર વધતાં ઘણાબધા હરિભક્તો સેવામાં જોડાયા છે તેમ છતાં ગજુભાના સેવાવ્રતમાં કોઈ ફેરફાર થયો નથી. જેમ કોઈ ચેઇન સ્મોકર હોય તે એક મિનિટ સિગારેટ વગર રહી ન શકે તેમ ગજુભાને પહેલે દિવસથી સેવાનું વ્યસન પડી ગયું છે. તેઓ સવારે ઊઠે ત્યારથી સેવાનો સિલસિલો ચાલુ થઈ જાય. દિવસ દરમ્યાન પગ વાળીને બેસવાનું નામ નહીં. રાત્રે સૂવે ત્યાં સુધી સેવા ચાલુ જ હોય. મંદિરના વહીવટની સેવા, ઘનશ્યામ મહારાજના અભિષેકની સેવા, રસોડાના મૅનેજમૅન્ટની સેવા, સભા કરવાની કે સેવા ઉપાર્જનની સેવા હોય કે પછી સ્વચ્છતાની નાનામાં નાની નીચી ટેલની સેવા હોય પણ સેવા તો અખંડ ચાલુ જ હોય. સેવા વગર એક મિનિટ ન રહે. આ સેવા તો ખરી જ સાથે પોતે રોજ રાત્રે ગામોગામ જઈ હરિભક્તોને કથાવાર્તા દ્વારા બળિયા કરવાની પણ મહામૂલી સેવા કરી રહ્યા છે.” તેમના ૨૩ વર્ષના સેવાના વ્યસનનાં દર્શન અને આગ્રહ જોઈ આપણે પણ પ્રેરણા મેળવીએ.

હે મહારાજ ! હે ગુરુદેવ ! હે ગુરુજી ! આ બધા પાત્રોના જીવનમાં જેવું સેવાનું વ્યસન પડી ગયું છે તેવી દિવ્યભાવે સેવા કરવાની પ્રેરણા લઈ અમે પણ સેવાના વ્યસની બનીએ તેવી આપના દિવ્ય ચરણોમાં પ્રાર્થના.

# નીચી ટેલ, ઊંચી કમાણી

સમય-સંજોગ-સ્થિતિ જ કેવી, હોય પરિસ્થિતિ ગમે તેવી;
નીચી ટેલની સેવા જ લેવી, સંતો-ભક્તોને હાશ કરાવી દેવી;
દાસાનુદાસની રીત રે એવી, કરે સેવા ન જુએ રાત જ કેવી.


ઉપરોક્ત પંક્તિના એક એક શબ્દોને જેમણે જીવંત બનાવ્યા છે એવા એસ.એમ.વી.એસ.ના સેંકડો પાત્રો છે જેમને મહારાજે સુખી કર્યા છે છતાં પોતાનું સ્ટેટસ, માન, મોટપ મૂકી દાસત્વભાવે નીચી ટેલની સેવા કરવાની પ્રેરણા આપે છે. તેમાંના આંશિક પાત્રોના પ્રેરક પ્રસંગોને વાગોળીએ.

મહેસાણા મંદિરના સત્સંગની શરૂઆત જેમના દ્વારા થયેલી એવા પાયાની ઈંટ સમા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અત્યંત કૃપાપાત્ર હરિભક્ત નરસિંહભાઈ ચતુરભાઈ પટેલ વ્યવહારે ખૂબ સુખી હોવા છતાં મહેસાણા મંદિરે આજીવન સેવક તરીકે સેવામાં જોડાઈ ગયા છે. સત્સંગની શરૂઆતથી જ તેઓએ ગુરુદેવ અને ગુરુજીનાં પડખાં સેવી દાસત્વભાવ અને મહાત્મ્યને પોતાનું આગવું અંગ બનાવી દીધું છે. સત્સંગ-વ્યવહારમાં મોટેરા હોવા છતાં નાનામાં નાની, નીચી ટેલની તનની સેવા કરવામાં ક્યારેય નાનપ, ક્ષોભ, સંકોચ કે શરમ અનુભવે નહીં. ઘરધણી થઈ મહિમાથી સેવામાં જોડાઈ જાય.

હરિભક્તોને બજારનો શેરડીનો રસ ન પિવાય તેથી ક્રિયાશુદ્ધિયુક્ત શુદ્ધ રસ આપી શકાય તે માટે મંદિરમાં તેનું કેન્ટીન ખોલ્યું હતું. એક વખત મંદિરમાં શેરડીના રસનું મશીન ચલાવનાર કોઈ મળતું નહોતું. એકાદ સભ્યની મશીન ચલાવવાની સેવામાં ખૂબ જરૂર હતી. તેમને આ વાતની જાણ થઈ. તરત જ તેમણે સામે ચાલી પૂ. સંતોને મળી શેરડીના રસનું મશીન ચલાવવાની સેવા ઉપાડી લીધી. હાલ તેઓ શેરડીના રસના મશીનનું વિઝિટ કાઉન્ટર સંભાળે છે. સેવામાં નાનપ કે શરમ શાની ? ગમે તેટલા મોટા હોઈએ પણ ભગવાનની આગળ તો દાસ જ છીએ. એ વિચારે તેઓ હંમેશાં નાનામાં નાની સેવામાં જોડાઈ જાય. એક વખત મંદિરમાં કૂતરાએ બગાડેલું હતું. તેમના ધ્યાનમાં આવ્યું કે તરત જ કોઈને કાંઈ કહ્યા વિના નાવણિયું પહેરીને કૂતરાનું મળ ત્યાંથી લઈ તે જગ્યા સાફ કરી સ્નાન કરી લીધું. આ એસ.એમ.વી.એસ.ના વર્તમાનકાળે ઉકાખાચર નહિ તો બીજું શું ?

•••

સ્વામિનારાયણ ધામ સેન્ટરના વહીવટદાર તરીકેની સેવા



નિભાવતા હરિભક્ત અમરતભાઈ ધૂળાભાઈ પટેલ એટલે સેવાની મૂર્તિ ! ઘરધણીપણામાં નંબર વન. હમણાં સુધી સ્વામિનારાયણ ધામ ખાતે ડ્રેનેજ લાઇનની સુવિધા નહોતી ત્યારે ખાળકૂવા ઊભરાતા. એટલે ખાળકૂવા સાફ કરવા સિવાય બીજો કોઈ ઉપાય ન રહે. પૂ. સંતોએ તેમને વાત કરી કે, “ખાળકૂવા ખાલી કરવા માટે કેટલાક મજૂરને બોલાવી લ્યો.” પરંતુ અમરતભાઈએ કહ્યું, “સ્વામી, મજૂરને બોલાવીએ તો મજૂર દીઠ ૫૦૦ રૂપિયા આપવા પડે. માટે કોઈને બોલાવવા નથી. આ સેવક જ ખાળકૂવામાં ઊતરી સાફ કરી દેશે.” અને ખરેખર તેઓ ગળાડૂબ ખાળકૂવામાં ઊતરી વિષ્ટાની વચ્ચે ઊભા રહી ખાળકૂવાનો કીચડ સાફ કરતા. તેઓની આ સેવાભક્તિ જોઈ સૌ નતમસ્તક થઈ જતા. પૈસા આપતાં મજૂરો પણ જે કામ ન કરે એવી સેવા વર્ષો સુધી તેમણે કરી છે. તેમાં ક્યારેય કાપ મૂક્યો નહોતો. તેઓની આ નીચી ટેલની સેવાથી ગુરુજીનો અત્યંત રાજીપો વરસતો. વહીવટદાર હોવા છતાં તેમણે માત્ર વહીવટદારની ખુરશી કે આસન જ શોભાડ્યું નથી. પરંતુ દેહે કરીને નીચી ટેલની સેવા કરી સૌનો સંતોષ, અંતરનો રાજીપો મેળવ્યો છે.

●●●

પ્લાયવૂડની બહુ મોટી કંપનીના માલિક મહેશભાઈ સરઠવા મોરબી મંદિરના ઘરધણી હરિભક્ત છે. વ્યવહારે ધનાઢ્ય હોવા છતાં ક્યારેય સત્સંગમાં મોટા થવાના, આગળ થવાના કોડ તેઓમાં જોવા ન મળે. તેમના સ્ટેટસને જોઈ સૌ કોઈ તેમનું રિસ્પેક્ટ જાળવે. પરંતુ તેઓ તો કોઈ એમને જોતું ન હોય એવી જગ્યાએ સેવામાં લાગી ગયા હોય.

એક વખત હરિકથામાં વધુ સંખ્યા હોવાથી અવ્યવસ્થા ન થાય તે હેતુથી હરિભક્ત સમાજને જમેલી ડિશો ધોયા વિના જ એમનેમ મૂકીને જવાની સૂચના અપાઈ હતી. સૌ જમી જમીને ડિશો ચોકડીમાં મૂકી જતા રહેતા પરંતુ મહેશભાઈએ જોયું કે, ‘આ બધી ડિશો કોણ સાફ કરશે ? માટે આ સેવામાં હું જોડાઈ જઉં તો સેવા વહેલી પૂર્ણ થાય.’ એટલે બીજે ક્યાંય ન ફરતાં કોઈને ખબર ન પડે એ રીતે વાસણની ચોકડીમાં બેસી એંઠી ડિશો સાફ કરવા લાગ્યા. તેમને આવી નીચી ટેલની સેવા કરતાં જોઈ હરિભક્તોએ ઊભા કરવા પ્રયત્ન કર્યો પરંતુ આ સેવા મને મળે ક્યાંથી ! કહી સેવા ચાલુ જ રાખી. એટલું જ નહિ, ડિશો ધોવાઈ ગયા બાદ તેને લૂછી રસોડામાં યોગ્ય સ્થાને મૂકવામાં પણ સાથે જ રહ્યા. મોટેરા હોવા છતાં નીચી ટેલની સેવા કરી તેઓ ગુરુજી, પૂ. સંતો અને હરિભક્તોના અંતરના રાજીપાની બહુ મોટી કમાણી કરી રહ્યા છે.

●●●

એસ.એમ.વી.એસ. સંસ્થાનું મુખ્ય મંદિર એટલે વાસણા. જ્યાં દર મહિને પૂનમમાં મોટી સંખ્યામાં દેશ-વિદેશના હરિભક્તો લાભ લેવા માટે આવતા હોય છે. પૂનમના મોટા રસોડાની લીડર તરીકેની સેવા બજાવનાર દક્ષેશભાઈ કે. પટેલ તથા સાથે સેવા બજાવી રહેલા રસોડાના સભ્યો ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે.

તા. ૪ જૂન, ૨૦૨૩ના રોજ પૂનમનો સમૈયો ઊજવાઈ ગયો. જેના પ્રસાદમાં રોટલી પણ રાખવામાં આવી હતી. દસ હજાર હરિભક્તોની રોટલી બનાવવામાં ઘણો સમય લાગે. પરંતુ રસોડાની ટીમના સભ્યોએ તનનો ભીડો સહન કરીને પણ તા. ૩ જૂન, ૨૦૨૩ ને શનિવારે સાંજે ૭ વાગ્યે રોટલી બનાવવાનું શરૂ કર્યું. આ રોટલીના મશીન આગળ જેઓ ઊભા હોય તે તો પરસેવે રેબઝેબ થઈ જાય.

દક્ષેશભાઈએ સભ્યો વચ્ચે સેવા વહેંચતાં નક્કી કર્યું કે ત્રણ-ચાર કલાકના અંતરે ત્રણ ટીમ ફળવાય જેથી બધાને લોડ ન પડે અને આરામ પણ મળી રહે. નક્કી કર્યા મુજબ એક ટીમના સભ્યો રાત્રે ૧૧ વાગ્યે બીજી ટીમના સવારે ૪ વાગ્યે ઘરે ગયા. પરંતુ નીચી ટેલની સેવાના આગ્રહી એવા ધર્મેશભાઈ પટેલ અને ઉમેશભાઈ ગાંધી જેઓ સાંજે ૭ વાગ્યાથી બીજા દિવસે સવારે ૭ વાગ્યા સુધી રોટલી બનાવવાની સેવામાં રોકાયા અને ૨૦૦ કિલો લોટની રોટલી તૈયાર થઈ ત્યાં સુધી સેવામાં રહ્યા. જૂન મહિનાની ધોમધખતી ગરમીમાં મોટા રસોડાની અંદર મશીન આગળ સળંગ ૧૨-૧૩ કલાક ઊભા રહેવું તે અસહ્ય થઈ પડે છતાં રસોડાની ટીમના તમામ સભ્યો અને આ બંને મુક્તોએ પોતાના દેહની પરવા કર્યા વિના હરિભક્તોને જમાડવાની રોટલીની સેવા કરી ખૂબ નિર્માનીપણું દાખવ્યું હતું.

●●●

ઈ.સ. ૨૦૧૬માં પાટણ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા થઈ. ધીમે ધીમે પાટણ મંદિરના કેમ્પસમાં ડેવલપમૅન્ટ માટે ગાર્ડન બનાવવામાં આવ્યું. ગાર્ડનની સફાઈ માટે તથા છોડનાં જતન માટે બહારથી માણસો બોલાવવા પડતા હતા. આથી એક વખત પૂ. સંતોએ મંદિરમાં નિત્ય દર્શને આવતા ગોવિંદભાઈ ગણેશભાઈ પટેલને વાત કરી કે, “દયાળુ, આપનો ખેતીનો વર્ષોનો અનુભવ છે. અત્યારે નિવૃત્ત છો. તો એક ગાર્ડનની

માવજત તથા સ્વચ્છતાની સેવા સંભાળી લ્યો તો મહારાજ ખૂબ રાજી થાય અને અમને ચિંતા ન રહે.''

ત્યારથી ગોવિંદભાઈએ સેવા અધ્ધરથી ઝીલી લીધી. ત્યારબાદ બહારથી કોઈ માણસને કેમ્પસનાં ગાર્ડન તથા છોડનાં જતન માટે બોલાવવા પડ્યા નથી. ગોવિંદભાઈ રોજ સવારે જ્ઞાન-ધ્યાન ચિંતન બાદ ગાર્ડનની સેવામાં લાગી જાય. એમનો સફાઈ માટેનો ડ્રેસ મંદિરમાં મૂકી રાખે. જે પહેરી રોજ સવારે સાડા આઠથી બપોરના સાડા બાર તથા સાંજે સાડા ચારથી સાંજના સાડા છ વાગ્યા સુધી કેમ્પસ સ્વચ્છતાની સેવામાં નિયમિત વ્યસ્ત રહે છે. માત્ર ત્રણ વર્ષથી જ સત્સંગમાં જોડાયા હોવા છતાં છ કલાક મંદિરના ગાર્ડનની માવજત કરવાની સેવા નિપુણતાથી જવાબદારીપૂર્વક નિભાવી રહ્યા છે.

●●●

મહિમાની મૂર્તિ એવા ભાવનગર નિવાસી પ.ભ. શ્રી ચેતનભાઈ પટેલ છેલ્લા એક વર્ષથી કોઠારીની સેવા નિભાવે છે. વળી, SBI Bankમાં સિનિયર આસિસ્ટંટની પોસ્ટમાં ફરજ બજાવી રહ્યા છે. તેઓની ૫૯ વર્ષની ઉંમર છે. તેમના ભાઈ મૂ.નિ. જનકભાઈ પટેલના સંપર્કથી છેલ્લા ૪ વર્ષથી સંસ્થા સાથે જોડાયા છે. પરંતુ સત્સંગમાં આવતાની સાથે જ નીચી ટેલની સેવા પસંદ કરી. કોઈ પૂ. સંતો કે અગ્રેસર હરિભક્તોએ તેમને સેવા સોંપી ન હતી. પરંતુ દરરોજ સવારે મંદિર પરિસરમાં ચરણરજ-પોતાંની સેવા સામેથી ઉપાડી લઈ સૌનો રાજીપો કમાઈ રહ્યા છે. વ્યવહારે ખૂબ સુખી અને ઉચ્ચ પોસ્ટ પર હોવા છતાં નીચી ટેલની સેવા કરવામાં સહેજ પણ રંજ અનુભવ્યો નથી. આવા મહિમાસભર પાત્રોના જીવંત પ્રસંગોનો આસ્વાદ માણી રાજી થવાય. પરંતુ તે પ્રસંગો પ્રમાણે આપણે નીચી ટેલની સેવાનું બીડું ઝડપી લઈએ તો મહારાજ અને મોટાપુરુષ આપણી પર પણ ખૂબ રાજી થઈ નિર્વાસનિક કરી દે.

## આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના





ભારતીય સંસ્કૃતિમાં માતાપિતા પ્રત્યેના પૂજ્યભાવ- આદરભાવને આગવું સ્થાન મળેલું છે. દિન-પ્રતિદિન સંસ્કૃતિનાં આ મૂલ્યો નષ્ટ થતાં દેખાઈ રહ્યાં છે. માતાપિતા પ્રત્યેનો આદરભાવ-પૂજ્યભાવ આજની પેઢીમાંથી વિલીન થઈ રહ્યો છે. સમાજની આ વણસેલી પરિસ્થિતિને બદલવા માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ચાલતાં તમામ બાળ મંડળ, યુવક મંડળ તેમજ મહિલા મંડળમાં તા. ૧૫ ઑગસ્ટના રોજ 'માતૃ-પિતૃ વંદના' દિનની ઉજવણી કરવાની આજ્ઞા કરી હતી. એ ન્યાયે તા. ૧૫-૮-૨૦૨૩ના રોજ રાત્રે ૮:૩૦થી ૧૦:૦૦ દરમ્યાન 'આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના' દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રોગ્રામની શરૂઆત માતાપિતાએ સંતાનો પર કરેલા વિવિધ ઉપકારો દર્શાવતાં વંદનાગીત દ્વારા થઈ હતી. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ આજની યુવાપેઢીને અનેક પ્રેરક પ્રસંગો દ્વારા માતાપિતાના સંતાનો પરના ઉપકારનો અહેસાસ કરાવ્યો હતો. તેમજ માતાપિતાનું જતન કરવા માટેની પ્રેરણાસહ આજ્ઞા કરી હતી. ત્યારબાદ સૌ હરિભક્તોએ માતાપિતાનું પૂજન કરી આરતીનો લાભ લઈ થયેલી ભૂલો માટે માફી માગીને સસ્મિત ચહેરે આ કાર્યક્રમની હોંશભેર ઉજવણી કરી હતી.

અંતમાં ગુરુજીએ ઉપસ્થિત સર્વે હરિભક્તોને વંશપરંપરાગત આ કાર્યક્રમનું આયોજન કરતા રહેવાની આજ્ઞા કરી હતી. આમ, આ ઑનલાઇન માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનો અંદાજે ૬૦,૦૦૦ કરતાં પણ વધુ હરિભક્તો લાભ લઈ સુખિયા થયા હતા.



# તકે સેવા

દરેક વ્યક્તિ જીવનમાં સફળતા મેળવવા ઝંખતી હોય છે. સફળતાના દરવાજે તક હંમેશાં બેઠી જ હોય. જે તકને ગુમાવે છે તે સફળતાને ગુમાવે છે. એક વાર તક ગુમાવી પછી ફરી વાર એ જ તક આપણો દરવાજો ખખડાવતી નથી. અને જે તકને ઝડપે છે તે સફળતાનાં શિખરો ચૂમી શકે છે.

એવું જ કંઈક અધ્યાત્મ દુનિયામાં પણ છે. અનંતકોટિ બ્રહ્માંડોના સર્જનહાર એવા ભગવાન સ્વામિનારાયણ અને અનંત બ્રહ્માંડોના જીવોને સહેજે મૂર્તિમાં મૂકવાની સામર્થી ધરાવનાર સત્પુરુષો આપણને તેઓના સંકલ્પોમાં સમાવાની તક આપે છે. તે તક ચાહે સેવા રૂપે હોય, સમર્પણ રૂપે હોય કે સમજણ રૂપે હોય. જો તક ઝડપાઈ ગઈ તો ન્યાલંન્યાલ થઈ જવાય. એસ.એમ.વી.એસ. પરિવારના કેટલાય હરિભક્તોએ મહારાજ અને મોટાના રાજીપામાં સમાવા, તેમના દિવ્ય સંકલ્પોમાં ભળવા તક ઝડપી સેવા કરી છે એમાંના કિંચિત્ પાત્રોની જીવનગાથાને માણીએ.

એસ.એમ.વી.એસ. સંસ્થાનો જ્યારે બાલ્યકાળ હતો. સંસ્થાનાં કાર્યો અને વહીવટીય સેવા માટે ઘરધણી સ્ટાફની જરૂર હતી ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીના એક વચને પ.ભ. શ્રી કીર્તિભાઈ ભાવસાર પોતાનો ધંધો સમેટી મંદિરમાં સેવા માટે આવી ગયા. પૂ. સંતો સાથે વિચરણમાં ગાડી લઈને જવાનું હોય, સંસ્થાના વહીવટીય કાર્યો કરવાનાં હોય કે પછી પૂ. સંતોનાં ધોતિયાં સૂકવવાની સેવા હોય કે વાસણ માંજવાંની બધી જ સેવામાં પાવરધા થઈ એકલે હાથે સેવા કરી ગુરુદેવ અને ગુરુજીના અંતરનો રાજીપો કમાયા છે.

આજે તેઓ ગુરુજીની આજ્ઞાથી ઘાટલોડિયા મંદિરે સેવા આપી રહ્યા છે. તેઓના એક દીકરા સંસ્થામાં સંત છે અને એક દીકરા હરિકૃષ્ણભાઈ ભાવસાર સંસ્થાના સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટમાં સેવા આપી રહ્યા છે.

અવરભાવની રીતે સંસ્થાને જ્યારે સ્ટાફ સભ્યની તાતી જરૂરિયાત હતી ત્યારે તકે સેવા ઝડપી ગુરુદેવ પ.પૂ. બાપજી

અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને હાશ કરાવી છે.

•••

ઈ.સ ૨૦૨૧થી સંસ્થા દ્વારા ગૌશાળા ચાલુ કરવામાં આવી. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પ.ભ. અનિલભાઈ દેવાણીને બોલાવીને કહ્યું, "હવેથી આ ગૌશાળા સાચવવાની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે. આ સેવામાં તમને તમારા પિતાજી (પ.ભ. શ્રી ઝવેરભાઈ) મદદ કરે તો સારું." ઝવેરભાઈને ગુરુજીની સીધી આજ્ઞા મળી નથી પરંતુ પોતાના દીકરા પાસેથી ગુરુજીની રુચિ જાણી ત્યારથી ગૌશાળાની તમામ સેવાની જવાબદારી સ્વશિરે લઈ લીધી.

ગૌશાળાની સેવા માટે ક્યારેક મુક્તો મળે, ન મળે તોપણ પોતે ઘરધણી થઈને ગાયોને સાચવવાની, સફાઈ કરવાની વગેરે જેવી સેવા કરવામાં કોઈ નાનપ ન અનુભવે. જુલાઈ, ૨૦૨૩માં ખૂબ વરસાદ પડ્યો હોવાથી ગૌશાળામાં કાદવ થઈ ગયો હતો. આથી ગાયો ત્રણ દિવસથી ઊભી જ રહી હતી. આ જોઈ ઝવેરભાઈનું હૃદય દ્રવિત થઈ ગયું. સંસ્થાની સંપત્તિ સમાન ગાયોનું જતન કરવા પ.ભ. શ્રી શામજીભાઈ પટેલને સેવામાં જોડી બપોરના ૨:૩૦ વાગ્યાથી સાંજે ૬:૩૦ સુધી ગૌશાળાનો કાદવ ઉલેચ્યો. લગભગ બે ટ્રેક્ટર ભરાય તેટલો કીચડ બંનેએ તગારાથી ઊંચકી ગૌશાળાની સફાઈ કરી. જગ્યા ચોખ્ખી થતાં ગાયો ટપોટપ નીચે બેસી ગઈ. આ જોઈ બંને મુક્તોને હૈયે શાતા વળી. વળી, ત્રણ દિવસથી વરસાદના કારણે લાઈટ ન હતી તેથી ઝવેરભાઈએ જાતે દાતરડાથી ઘાસ કાપી ગૌશાળાની સર્વે ગાયો તથા વાછરડાંને ખાણ આપ્યું છે. પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતે, પડદા પાછળ રહી સંસ્થાની સંપત્તિ સમાન ગાયોનું જતન કરવારૂપી તકની સેવા ઉપાડી ઝવેરભાઈ ગુરુજીનો રાજીપો કમાઈ રહ્યા છે.

•••

પાલનપુર સત્સંગ કેન્દ્રની દેખભાળ કરવાની ચિંતા પૂ. સંતોના શિરે હતી. હજુ આ વિસ્તારમાં સત્સંગ નવોસવો હોવાથી પૂ. સંતો કોઈ હરિભક્તને મંદિરની સેવા માટે આજ્ઞા કરતાં ખચકાટ અનુભવતા હતા. એક વખત પૂ. સંતો અઠવાડિક સભામાં પધાર્યા ત્યારે દર્શને આવેલા પ.ભ. શ્રી નરેશભાઈ પ્રજાપતિ જેઓ હજુ સત્સંગમાં નવા જ જોડાયા હતા, તેમને સહસા જ કહ્યું, "નરેશભાઈ, તમારે ભગવાનની સેવામાં રહેવાનું છે." નરેશભાઈએ તો પૂ. સંતોની આજ્ઞા એટલી જ સહજતાથી શિરોવંદ્ય કરી કહ્યું, "સ્વામી, મને સાત દિવસનો સમય આપો. હું નોકરીમાં રજા લઈ લઉં." ઘરની આર્થિક સ્થિતિ ખૂબ સામાન્ય. પોતાને બે દીકરા એક દીકરાનાં લગ્ન પણ બાકી અને ટૂંકા પગારમાં નોકરી કરતા હોવા છતાં પૂ. સંતોના વચને ટાણાની સેવા સ્વીકારી લીધી.

બીજી સભામાં પૂ. સંતો પધાર્યા ત્યારે નરેશભાઈએ કહ્યું, "સ્વામી, હું આવી ગયો. સાહેબને કહીને આવી ગયો કે હું કાયમી ધોરણે ભગવાનની સેવામાં જઉં છું."

આજે તેઓ પાલનપુર સત્સંગ કેન્દ્રની સેવા માટે સમર્પિત થઈ ઉત્સાહભેર સેવા બજાવી પૂ. સંતોના હૈયે હાશ કરાવી રહ્યા છે. પોતાનું ઘર પાલનપુરમાં જ હોવા છતાંય બે-ત્રણ મહિને એક વખત જ ઘરે જાય છે. કેવી તકે સેવા કરી રાજીપો કમાઈ ગયા !

•••

ઈ.સ. ૧૯૯૭ની આસપાસ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મુંબઈ વિચરણ પૂર્ણ કરી સુરત પધાર્યા. એ સમયે પ.ભ. શ્રી હિમાંશુભાઈ શેલત સુરતમાં મોટા પાયે કેબલિંગનું કામ કરતા. પરંતુ શ્રીજી ઇચ્છાથી દુકાનમાં શૉર્ટ સર્કિટ થતાં બહુ મોટી આગ લાગી. એ વાતની જાણ બંને દિવ્યપુરુષને થતાં તેઓની દુકાને પધાર્યા. ત્યારે હિમાંશુભાઈએ પૂછ્યું, "સ્વામી, આટલું બધું દુકાનમાં નુકસાન થયું છે. આનો કોઈ આધ્યાત્મિક સંકેત ખરો ?" ત્યારે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, "તમને મહારાજ આવો ધંધો કરવા નથી લાવ્યા. તમને આના માટે મહારાજે બુદ્ધિ, શક્તિ, આવડત નથી આપી." આટલું કહી બંને દિવ્યપુરુષો પધારી ગયા.

બીજે દિવસે સવારે હિમાંશુભાઈ સુરતથી અમદાવાદ ગુરુજીને મળવા વાસણા મંદિરે પહોંચી ગયા. તેમણે ગુરુજીને પૂછ્યું, "દયાળુ, આપનો સેવક માટે જે સંકલ્પ હોય તે

સુંદર સેવા કરવાની મારે તક આવી.

નિશ્ચિતપણે જણાવો. સેવક એ પ્રમાણે કરવા તૈયાર છે.'' ત્યારે ગુરુજીએ મહારાજના સંકલ્પમાં ભળવાની સુવર્ણ તક આપતાં કહ્યું, ''હવે તમે સુરતથી બધું સમેટી જલદી સેવામાં અહીં આવી જાવ. અહીં માતાપિતાની સેવા કરજો અને મંદિરની સેવા પણ કરજો.'' ગુરુઆજ્ઞા શિરોવંદ્ય કરી હિમાંશુભાઈ પંદર જ દિવસમાં સુરતથી અમદાવાદ આવી ગયા. ગુરુજીએ તેઓની કસોટી કરતાં હોય તેમ કહ્યું, ''હિમાંશુભાઈ, આપણે એક કામ કરીએ, અત્યારે અહીં અમદાવાદમાં ઓડિયો-વિડિયો શૂટિંગ અને મૅરેજના ફોટોગ્રાફસનું કામ ચાલુ કરો, સાઈડમાં મંદિરની સેવા કરજો.''

ત્યારે ગુરુજીને પ્રાર્થના કરતાં તેઓએ કહ્યું, ''દયાળુ, રાજી રહેજો. પણ મહારાજે મને જે આવડત આપી છે તે કેમેરાથી મારે દેહધારી જીવોનાં લગ્ન પ્રસંગોના ફોટા કે વિડિયો શૂટિંગ કરવું નથી. હવે કેમેરાનો ઉપયોગ મહારાજ માટે ને મંદિરની સેવા માટે જ કરીશ.'' હિમાંશુભાઈનો સેવામાં હોમાવાનો ઉત્સાહ તથા મક્કમતા જોઈ ગુરુજી અત્યંત રાજી થઈ ગયા અને પોતાના આસને લઈ જઈ ભેટી, રાજીપો વરસાવ્યો. અને પોતાના આસનેથી ઓડિયો ટેપની કૅસેટો ભરેલો થેલો આપી દીધો અને કહ્યું, ''આ થેલો તમને સોંપ્યો હવે તમારે જ ડિપાર્ટમેન્ટ ઊભું કરવાનું છે.''

આમ, ઈ.સ. ૧૯૯૭માં નવેમ્બર માસથી સંસ્થામાં ઓડિયો-વિડિયો વિભાગની શરૂઆત કરવાની પાયાની સેવા તકે ઝડપી લઈ હિમાંશુભાઈ બંને દિવ્યપુરુષોનો અંતરનો રાજીપો કમાઈ ગયા.

•••

ઑસ્ટ્રેલિયા ખાતે સિડની સત્સંગ મંડળની પાયાની સેવામાં યોગદાન આપનાર રાજેશભાઈ પટેલ વર્ષો સુધી ઑસ્ટ્રેલિયાના બ્લૅકટાઉન વિસ્તારમાં રહ્યા પરંતુ સિડનીમાં એસ.એમ.વી.એસ. સંસ્થાનું સત્સંગ કેન્દ્ર લેવાયું ત્યારથી પૂ. સંતોના વચને ઘરધણીપણે કેન્દ્રની તમામ સેવાઓ સંભાળવા પોતે પરિવાર સાથે સત્સંગ કેન્દ્રમાં રહેવા આવી ગયા.

'મંદિર જ મારું ઘર છે' તેમ માની રાજેશભાઈ મંદિરની નાનામાં નાની વસ્તુની ચિંતા રાખવી, સ્વચ્છતા કરવી, ગાર્ડનિંગની ચિંતા તથા તમામ મંડળોને ધમધમતા રાખવાની ચિંતા પોતે રાખે છે.

રાજેશભાઈ મંદિરમાં રહેતા હોવાથી હરિભક્તોનો ઘસારો વેઠવો, હરિભક્તોને મીઠો આવકાર આપી તેઓની પ્રસાદ-પાણીની તમામ સેવા રાજેશભાઈએ સ્વશિરે લઈ ગુરુજી તથા પૂ. સંતોને નિશ્ચિત કરી દીધા છે.

તકે સેવા ઝડપી રાજીપો કમાનાર રાજેશભાઈની જેમ ઑસ્ટ્રેલિયાના અન્ય ઘણા અગ્રણી હરિભક્તો તથા ન્યૂઝીલૅન્ડ, યુ.કે., કૅનેડા, યુ.એસ.એ., આફ્રિકા, દુબઈ આદિ તમામ દેશોમાં ઘણા હરિભક્તો આ રીતે ગુરુઆજ્ઞાએ તકની સેવા કરી રાજીપો કમાઈ રહ્યા છે.

ખરેખર તો ભારતીય વિદેશમાં ડૉલર કમાઈ સુખી-સંપન્ન થવા જતા હોય છે. પરંતુ આ હરિભક્તો ત્યાં જઈને પણ ડૉલરની કમાણીને ગૌણ કરી મહારાજ અને મોટાના સંકલ્પે સેવાયજ્ઞમાં હોમાઈ ગયા છે.

'જે થાય ટાણે તે ન થાય નાણે.' ગમે તેટલી તન-મન-ધનની સેવા કરીએ પણ તકની સેવાનું મૂલ્ય અતિ અધિક છે. માટે આ દિવ્ય મુક્તોના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે સૌ પણ ગુરુજી તથા પૂ. સંતોના વચને તકની સેવા કરતા થઈએ.

## સંસ્થા ગૌરવ

**ફ્લોરા જપનભાઈ પુજારા – વાસણા**

વાસણા સેન્ટરનાં યુવતીમુક્ત એવા ફ્લોરા જપનભાઈ પુજારાએ એલ.એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાંથી ફાર્મસ્યૂટિકલ ક્ષેત્રે માસ્ટર ડિગ્રી મેળવી ગુજરાત ટૅક્નૉલૉજિકલ યુનિવર્સિટી (GTU) લેવલે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે.



સમયે તક ઝડપાય તો સફળતા સહેલી છે.



# સેવાવ્રતધારી મહિલા સમાજ

ઉત્સવ-સમૈયા કે મંદિરના પરિસરોની રોનક વધારવામાં મહિલા હરિભક્ત સમાજની સેવા પડદા પાછળની હોવા છતાં મહારાજ અને મોટાપુરુષના અંતરના રાજીપામાં અગ્રિમ સ્થાને છે. એસ.એમ.વી.એસ.નાં એક એક મંદિરો તનની સેવાની વ્રતધારી નારીઓથી ધમધમે છે. ધન્ય હો ! એ સર્વેની સેવાભક્તિને. તેમાંના કિંચિત્ પાત્રોનાં દર્શન કરીએ સાથે સાથે તનની સેવા કરનાર સમગ્ર મહિલા સમાજની સેવાઓને અંતરથી નવાજીએ.

બરોડા સેન્ટરનાં સુકેશ્રીબેન ઘણા વર્ષોથી સંસ્થા સાથે મમત્વભાવના તાંતણે જોડાયેલાં છે. તેમણે દેહની કે પરિવારની ચિંતા કર્યા વિના સેવા કરી છે. સેવામાં કદી પાછી પાની કરી નથી. ઈ.સ. ૨૦૨૦માં કોરોનાનું સંક્રમણ ચોમેર વધતું જતું હતું. લોકડાઉનના કારણે મંદિરમાં દર્શન બંધ હતાં પરંતુ ઠાકોરજીની સેવા-પૂજા-થાળ તો ચાલુ જ હતાં. કોરોના સંક્રમણ અટકાવવા સરકારી નિયમો મુજબ કોઈને ત્યાં અવરજવર ન કરતાં ઘરમાં જ રહેવાનો આદેશ હતો. તેમનાં પતિ ધામમાં ગયા હોવાથી ઘરનિર્વાહ માટે ઈ.સ. ૨૦૧૧થી નોકરી કરતાં હતાં. પરંતુ થાળની સેવામાં આવા સમયમાં અન્ય કોઈ મહિલાઓ આવી શકે તેમ ન હોવાથી પોતે નોકરી છોડી દીધી. અને સવાર-સાંજ થાળની સેવા માટે આવી ગયાં.

ઈ.સ. ૨૦૨૧માં કોરોના સંક્રમણમાં તેમનો ૪૨ વર્ષનો એકનો એક દીકરો ધામમાં ગયો. પરિવારની સમગ્ર જવાબદારી તેમના શિરે આવી હોવા છતાં તેઓ થાળની સેવામાંથી ન ડગ્યાં. આવા પ્રસંગે પૂ. મુક્તોએ તેમને કહ્યું, "આપ હાલ રહેવા દો. આપની સેવા બીજા મહિલા હરિભક્તો સંભાળી લેશે." પરંતુ તેઓ ૧૫ દિવસ તો માંડ માંડ ઘરે રહી શક્યાં. ફરીથી થાળની સેવામાં આવી ગયાં.

દરરોજ સવારે ૬:૦૦થી ૧૧:૩૦ અને સાંજે ૪:૩૦થી ૭:૩૦ થાળની સેવામાં હોય જ. દીકરો ધામમાં ગયો, પરિવારની આર્થિક પરિસ્થિતિ દુર્બળ, બધાના કહેવા છતાં નોકરી શરૂ ન કરી. એક જ લગન, જો હું નોકરી શરૂ કરું તો મારી સેવા જતી રહેશે. કેવો મમત્વભાવ !

•••

એસ.એમ.વી.એસ. સંસ્થાના આદ્ય મંદિર ઘનશ્યામનગર ખાતે ઈ.સ. ૧૯૭૪માં ઘનશ્યામ મહારાજ નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત થયા. આ જ દિવસથી મંદિરમાં જ્યારે પૂ. સંતો ન

હોય ત્યારે ઠાકોરજીના થાળ બનાવવાની સેવા સવિતાબેન પરષોત્તમભાઈ રામાણી પરિવારે ઉપાડી લીધી હતી. ઘરે દીકરીની જાન આવી હોય કે અન્ય સંજોગ-પરિસ્થિતિ હોય પણ એ દિવસોમાં પણ સવિતાબેન થાળની સેવા કરવાનું ચૂક્યા નથી. ઈ.સ. ૧૯૯૫માં ૧૩ દિવસનો બાપાશ્રી મહોત્સવ હતો એ વખતે દરરોજ ઘરે પાછા આવે અને સવારે વહેલા થાળ બનાવી પછી પાછા વાસણા મહોત્સવનો લાભ લેવા જતાં. ઈ.સ. ૨૦૧૪ સુધી સતત ૩૯ વર્ષ સુધી અવિરત થાળની સેવા કરનાર પરિવારના સભ્યોને ધન્ય હો !

●●●

એસ.એમ.વી.એસ. સંસ્થાનું હેડક્વાર્ટર એટલે સ્વામિનારાયણ ધામ. અહીં અવિરત સેવાની શૃંખલાઓમાં ઘરધણી થઈને સેવા કરનાર મુક્તોમાં અગ્રેસર કોઠારી તરીકેની સેવા કરનાર હર્ષાબેન સુનીલભાઈ સોનીનો મમત્વભાવ ખરેખર પ્રેરણાદાયી છે.

સેવામાં કદી ના નહિ કે કેમ થશે ? કેવી રીતે થશે ? એવા ઢીલા વિચાર નહીં. ઈ.સ. ૨૦૨૨, માર્ચમાં ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્ય ઉત્સવ સ્વામિનારાયણ ધામની ભૂમિ ઉપર ભવ્યતાથી ઊજવવાની તૈયારીઓ ચાલી રહી હતી. પ્રોગ્રામના આગલા દિવસે હર્ષાબેનને કમરમાં જર્ક આવતાં અચાનક સખત દુખાવો શરૂ થઈ ગયો. અડધો કલાક પોતાની જગ્યા પરથી એક ડગલું પણ ન ભરી શક્યાં. તાત્કાલિક દવા લીધી. થોડો દુખાવો ઓછો થયો કે તરત વાસણ સ્વચ્છતાની સેવામાં આવી ગયાં. ૨૫ હજાર ડિશો સાફ કરવાની હતી. ખુરશીમાં બેસી છેલ્લી ડિશ સાફ કરવાની પૂરી ન થઈ ત્યાં સુધી સેવા કરી.

ધામ પર થતા વાર્ષિક આદર્શ પ્રૉજેક્ટના કૅમ્પ, જ્ઞાનસત્ર કે કોઈ પણ પ્રોગ્રામમાં હર્ષાબેન અને સ્વામિનારાયણ ધામના સેવાધારી મુક્તોની ટીમ સદૈવ તૈયાર જ હોય. પૂ. મુક્તોનો એક ફોન જાય કે સમગ્ર ટીમ સેવા કરવા તત્પર થઈ જાય.

તનની સેવા તો ખરી જ સાથે ગુરુમરજીમાં રહીને સેવા કરવાનો આગ્રહ હર્ષાબેન અને નિકિતાબેનમાં વિશેષ જોવા મળે. ઈ.સ. ૨૦૨૧, જાન્યુઆરીમાં સ્વામિનારાયણ ધામ પર મુખ્ય કોઠારમાં દસ હજાર કિલો ઘઉં સાફ કરવાની સેવા હતી. તો એ દરમ્યાન ઘઉંના ઢગલા ઉપર મહારાજની મૂર્તિ બિરાજમાન કરી સ્વરૂપચિંતન, મૂર્તિના પદોનું ગાન, ધૂન, ધ્યાન, કથા મનન-ચિંતવન એમ કારણરૂપ થઈ સેવા કરતાં અને કરાવતાં. કોઈ ગ્રામ્યવાતો કરવાની જ નહીં તેથી સેવા પણ ભક્તિ બની રહી.

●●●

સેટેલાઇટ યુવતી મંડળના વૉટ્સઍપ ગ્રૂપમાં મૅસેજ મૂકાયો કે, 'આજે સાંજે મંદિરે ખુરશી ધોવાની સેવા છે માટે સૌ મુક્તોએ પધારવું.' કોઈને પર્સનલ ફોન નહીં. અમદાવાદના મોટા બિલ્ડર રીટાબેન ઉમંગભાઈ ઠક્કરના પુત્રવધૂ પૂર્વીબેન કંઠભાઈ ઠક્કરે આ મૅસેજ વાંચ્યો. ઘરમાં પાણીનો ગ્લાસ પણ નોકર ભરી આપે એવાં સુખી છતાં પણ સેવા કરવા પૂર્વીબેન મંદિરે પહોંચી ગયાં. પાઉડર અને કૂચો લઈ ખુરશી ધોતા તેમનાં હાથ પાઉડરના કારણે લાલ લાલ થઈ ગયાં હતાં. તોપણ સેવા ચાલુ રાખી. એટલું જ નહિ ખુરશી ધોયા બાદ હૉલની સ્વચ્છતાની સેવામાં જોડાઈ ગયાં. સાવરણી અને પોતું પકડતા પણ અન્ય હરિભક્તોએ શીખવ્યું હતું તેમ છતાં આવી મંદિરની સેવા મને મળે જ ક્યાંથી ! એવા અહોભાવથી સેવા કરી. સેવા દરમ્યાન જાણ્યું કે દર મંગળવારે મંદિરે સ્વચ્છતાની સેવા હોય છે ત્યારથી તેઓ દર મંગળવારે ચરણરજ અને પોતું કરવાની સેવામાં પહોંચી જાય છે. નીચી ટેલની સેવા કરી પૂર્વીબેન રાજીપાની ખૂબ ઊંચી કમાણી કરી અનંતના પ્રેરણાપાત્ર બન્યાં છે. નહિ કોઈ સ્ટેટસનો, પૈસાનો કે આબરૂનો વિચાર એક રાજીપાનો વિચાર તેમનું બીજબળ છે.

●●●

આર્થિક, સામાજિક અને શારીરિક અનેક પ્રશ્નોની સામે ઝીંક ઝીલી સેવામાં સદા તત્પર રહેનાર સુરત સેન્ટરના ચંદ્રિકાબેન મનસુખભાઈ રાદડિયાની સેવાભક્તિ ખરેખર અજોડ છે. ચંદ્રિકાબેનના ઘેરથી ભાઈ ધામમાં ગયા હોવાથી દીકરા-દીકરીને ભણાવવાની અને કુટુંબનો આર્થિક નિભાવ કરવાની જવાબદારી પૂર્ણ કરવા તેઓ સિલાઈકામ કરે છે. અવરભાવમાં ઘણી શારીરિક તકલીફ હોવા છતાં કદી સેવામાં પાછી પાની કરી નથી.

૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ સુરત ખાતે ગુરુપૂર્ણિમાનો પ્રતીક ઉત્સવ આવી રહ્યો હતો. સેન્ટરમાં પૂ. ત્યાગીમુક્તોએ આ અંગેના સેવાના આયોજનની વાત કરતાં ચંદ્રિકાબેને ૧૨ દિવસ પહેલાંથી સિલાઈકામ બંધ કરી દીધું હતું. જેના ઉપર ઘરનો આર્થિક નિભાવ ચાલતો હતો એ કામ પણ સેવા માટે થઈ બંધ કરી દીધું. તેમ છતાં કેટલુંક સિલાઈકામ આપવું પડે તેમ હતું તો દિવસે સેવા કરે અને આખી રાત જાગી સિલાઈકામ કરે; પાછા બીજા દિવસે તો સેવામાં હાજર જ હોય. આવું સળંગ ત્રણ-ચાર દિવસ ચાલ્યું હતું છતાંય તેમનાં મુખ ઉપર થાકનું



સમય સામે ન જોવે, સમય સાથે ચાલે તે ઘરધણી.

નામ નહીં.

માત્ર આ એક પ્રસંગે જ નહિ જ્યારે જ્યારે સેવા કરવાનો અવસર આવે ત્યારે દિવસે સેવા ને રાત્રે સિલાઈકામ એમનો નિત્યક્રમ. પોતે તો સેવા કરે સાથે સાથે સેવા કરનાર મુક્તોને પણ મહિમાસભર કરી એવા જ તૈયાર કર્યાં છે. ગુરુપૂર્ણિમા પ્રસંગે સમગ્ર સુરત મહિલા મંડળે વાસણ સ્વચ્છતાની સેવામાં પણ મજૂર નહિ રાખતા આ સેવા અમને મળે જ ક્યાંથી ! એવા અહોભાવે સેવા કરી રાજીપો મેળવ્યો હતો.

●●●

મે, ૨૦૨૨ના પૂનમના સમૈયા વખતે સ્વામિનારાયણ ધામ ખાતે AYP કૅમ્પ ચાલતો હતો. તેથી વાસણાના પૂનમના સેવાધારી મુક્તો કૅમ્પમાં લાભ લેવા આવ્યા હતા. ગીતાબેન દિલીપભાઈ પટેલ જેઓ પ્રિ-મુમુક્ષુ કૅમ્પમાં લાભ લેવા આવવાના હોવાથી તેમણે આ તકની સેવાનું બીડું ઝડપી લીધું. એ વખતે તેમની તબિયત ઘણી નાદુરસ્ત હતી. ચક્કર આવતા હતા. કમરમાં સખત દુખાવો થતો હતો, છતાં પૂનમની પ્રસાદીનાં ગુલાબજાંબુ, સ્ટેજ સુશોભન, ઓડિયો-વિડિયો, વાસણ સ્વચ્છતાની દરેક સેવામાં પોતે મંડી પડ્યાં. સેવાર્થી મુક્તો થોડા હોવા છતાં પોતે સેવા કરે અને સૌને મહિમાસભર થઈ કરાવડાવે. તેમની તબિયત નાદુરસ્ત હતી તેથી કોઈએ કહ્યું, “ગીતાબેન, હવે આપ થોડી વાર બેસો.” ત્યારે રજમાથી કહે, “અત્યારે સેવાના ટાણે બેસવાનું કેવું ? શું મારા ઘરે પ્રસંગ હોય તો હું બેસી રહું ? શું સૂઈ જઉં ? નહિ ને, તો અત્યારે વળી બેસવાનું કેવું ?” એમ કહી છેક છેલ્લી સેવા પૂરી ન થઈ ત્યાં સુધી સૌની સાથે સેવા કરવા મંડ્યાં રહ્યાં. ગીતાબેને કદી પોતાના દેહ સામે કે અવરભાવના સ્ટેટસ, પૈસા સામે પણ જોયું નથી. બસ, ઘરધણી થઈ પોતે સદાય સેવા કરતાં રહ્યાં છે. અને એકના એક દીકરાને પણ ગુરુજીની સેવામાં અર્પી દીધા છે.

●●●

‘આ સત્સંગ મારું ઘર છે.’ એવા ખરા મમત્વભાવથી સેવા કરનાર નરોડા સેન્ટરના કોઠારી સંગીતાબેન અને પુષ્પાબેનની સેવા ખરેખર અદ્‌ભુત છે. ઈ.સ. ૨૦૨૩, જાન્યુઆરીમાં પૂ. સંતોની શિબિર બાપાશ્રી આવાસમાં રાખવામાં આવી હતી. તે માટે સમગ્ર ઉતારા ભવનની સ્વચ્છતા કરવાની હતી. તા ૧૧થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન નરોડા ખાતે ઝોળીસેવા અન્વયે ‘અભયદાન પ્રૉજેક્ટ’ ચાલતો હતો. તા.૧૧ના રોજ સવારથી સાંજ સમગ્ર મહિલા સમાજ ઝોળીસેવા માટે ગયો હતો.

એ જ દિવસે સાંજે ૭ વાગ્યે પૂ. મુક્તોએ પુષ્પાબેનને ફોનથી વાત કરી કે આજે આખી રાત જાગીને સમગ્ર બાપાશ્રી આવાસની સ્વચ્છતા કરવાની છે. અન્ય સેન્ટરની સાથે આપણા મુક્તો પણ રાત્રે ૯ વાગ્યે સેવામાં આવે તો બધાને આ દિવ્ય સેવાનો લાભ મળે. પુષ્પાબેનને મહારાજે સેવા કરવા-કરાવવાની આગવી કુનેહ આપી છે જેના કારણે તેઓએ નરોડા ખાતે ૧૦૮ની જેમ સેવાધારી મુક્તોની ટીમ બનાવી છે. જે સમયે સેવાનો ફોન આવે કે તુરત પહોંચી જવાનું. પુષ્પાબેને આ બધા મુક્તોને ૭:૩૦ વાગ્યે જાણ કરી ને ૯ વાગ્યે સ્વામિનારાયણ ધામ પર ૩૫ મુક્તો સેવામાં હાજર થઈ ગયા. શિયાળાની કડકડતી ઠંડીમાં આખી રાત પાણીમાં હૉલ, રૂમ અને સંડાસ-બાથરૂમની સેવા કરનાર સૌ મહિલા હરિભક્તોને ધન્ય હો ! સંગીતાબેન અને તેમની ટીમે નરોડા ખાતે ચાલતા ગરમ ફૂડસ્ટોલની સેવામાં કદી પાછી પાની કરી નથી. બસ, ‘મંદિર મારું પછી બીજું બધું’ આ તેમનું જીવનસૂત્ર છે.


●●●

સુરેન્દ્રનગર સેન્ટરના વણા ગામના સમતાબેન ત્રિભુવનભાઈ પટેલનો સેવા પરત્વેનો મમત્વભાવ અદ્‌ભુત છે. દર વર્ષે સાતમ-આઠમે સુરેન્દ્રનગર સત્સંગી બંધુઓ માટે મીઠાઈ તથા ફરસાણ બનાવવામાં આવે છે. સમતાબેન કાયમ આ સેવામાં પહેલાં હોય. એક વખત તેમનાં દીકરી સાતમ-આઠમની રજાઓમાં ગાંધીનગરથી પિયર આવ્યાં. સમતાબેને મહિમાસભર વચને દીકરીને સમજાવ્યું કે, “પહેલાં મહારાજ અને સેવા પછી વહેવાર અને તહેવાર. અત્યારે તું તારી બહેનને ત્યાં મોરબી થોડા દિવસ જઈ આવ. મારી સેવા પતી જશે પછી હું મોરબી આવી તને તેડી જઈશ. પછી આપણે સાથે રહીશું.” આવું તો એક વાર નહિ જ્યારે પણ સેવા હોય તો કદી તેને ગૌણ થવા દીધી નથી. સેવા કરતા ઠાકોરજીના પૈસાનો, અલ્પ વસ્તુનો બગાડ ન થાય એવો ખટકો રાખે અને સૌની પાસે રખાવે.

પંચમહાલ ઝોનનો મહિલા સમાજ પણ મંદિરની તમામ તનની સેવા તેમજ ઉત્સવ-મહોત્સવની વિવિધ સમિતિઓમાં પણ તનની સેવા કરી ત્યાગી મહિલામુક્તોને નિશ્ચિંત કર્યાં છે.

આવા તો એસ.એમ.વી.એસ.ના અનેક મહિલા હરિભક્તો છે જે સેવા માટે કદી પોતાનાં તન-મન સામું જોતા નથી. વિપરીત સંજોગ-પરિસ્થિતિમાં પણ તનની સેવાને મુખ્ય કરનાર નામી-અનામી સમગ્ર મહિલા સમાજ ઉપર મહારાજ અને મોટાપુરુષ અંતરથી રાજી થાય એવી પ્રાર્થના.

**સેવા એ જ્ઞાનની દૃઢતા માટેનું શ્રેષ્ઠ ફિલ્ડ છે.**



# સેવા કરતાં આટલું ધ્યાન રાખીએ

તનની સેવા અનેક સદ્‌ગુણોની જનની છે પરંતુ ક્યારે ? સાધક સાવધ થઈ એક રાજીપાના શુદ્ધ ઇશક સાથે સેવા કરે તો અનેક સદ્‌ગુણો પ્રગટે છે. કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થાય છે. પણ જો સાવધાની ન રાખે તો અનેક આડઅસરો (drawback) ઉદ્‌ભવે છે.

ધનની સેવા કરતાં તનની સેવા અનેકગણી અધિક છે. અને જે તનની અને ધનની બેય સેવા કરે તેના પર મહારાજ અને મોટાપુરુષનો અંતરનો રાજીપો વરસે છે. એક હરિભક્તે ધનની બહુ મોટી સેવા કરી અને સાથે ગુરુજીને પ્રાર્થના કરી કે તનની સેવા પણ હું કરીશ. તેઓ ખરેખરા ઘરધણી થઈ ખૂબ ઉત્સાહપૂર્વક સેવા કરતા. પરંતુ સેવામાં જ પૂર્ણતા મનાતી તેથી સમાગમનો આગ્રહ ન રાખતા.

સમાગમના અભાવે સેવા કરતા રાજીપાના વિચારમાં વગળ ભળવા માંડ્યો : 'હું ઘરધણી થઈ ચોકસાઈપૂર્વક સેવા કરું એવી બીજા કોઈ ન કરી શકે, કોઈને સમયની પડી નથી. હું કેટલી બધી સેવા કરું છું તો મારું નામ બોલાવવું જોઈએ. મને બધાની વચ્ચે રાજીપો મળવો જોઈએ.' આવી માનની, રાજીપાદર્શનની આશા-અપેક્ષાઓ નિરંતર મનમાં રમ્યાં કરતી. દિવસે દિવસે પોતાનું ધાર્યું કરવા-કરાવવાનો સ્વભાવ વધુ ને વધુ ચીકણો બનતાં જોડે સેવા કરનારા હરિભક્તો, કારીગરો કે મજૂર વર્ગની ઉપર અકળાવા માંડ્યા. વારંવાર ગુસ્સે થઈ જાય, જેમ ફાવે તેમ, જેવા તેવા શબ્દો બોલીને બીજાને અપમાનિત કરી નાખે. 'ધનની સેવા કરીને તો ઘણા છૂટી જાય પણ મારી જેમ ધનની સાથે તનની સેવા બીજા કોઈ ન કરી શકે.' સેવા પરત્વે આવો સાત્ત્વિક અહંકાર વધતો જતાં કોઈ સંતો-ભક્તોની મર્યાદા પણ ન રહેતી. અભાવ-અવગુણ અને અપરાધની લાઇને ચડી જતાં સત્સંગમાંથી સાવ ઢીલા પડી ગયા. અને અંતે મોક્ષ માર્ગ છૂટી ગયો.

ખરેખર તેઓ તનની સેવા અંતઃકરણ શુદ્ધ કરી આત્યંતિક કલ્યાણ એટલે કે અનાદિમુક્તની સ્થિતિ પામવા માટે જ કરતા હતા. પરંતુ સેવા કરવામાં ખટકો અને સાવધાની ન રહી તો અધોગતિની ખાઈમાં ધકેલાઈ ગયા.

જરા સાવધ બનીએ... તનની સેવા કરવામાં મોટાપુરુષનો જોગ-સમાગમ ન હોય અને સાવધાની ન રાખીએ તો સાત્ત્વિક અહંકાર આવે. માનની, રાજીપાદર્શનની ઇચ્છાઓ રહે, અહમ્-મમત્વ પ્રગટે, અન્યના અભાવ-અવગુણ આવે, નાના-મોટાની મર્યાદા ન રહે. જીદ, ધાર્યું કરવું-કરાવવું, યુક્તિ-પ્રયુક્તિ, દંભ-કપટ જેવા અનેક સ્વભાવો ઘટવાને



દૃષ્ટિ સંયમ એ આંતરજીવનની પવિત્રતાનું પ્રતીક છે.

બદલે વધતા જાય. વાણી-વર્તન અશોભનીય બની જાય. આવી અનેક આડઅસરો જો સેવામાં ધ્યાન ન રાખે તો સર્જાતી હોય છે. જરા સ્વજીવનને ચકાસીએ કે આવી કોઈ આડઅસરો આપણા જીવનમાં તો રહી નથી જતી ને?

• • •

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, "સમાગમ હશે તો સેવા ટકશે. કારણ, સમાગમ એ સેવાને જીવંત અને ચેતન રાખનાર ચાલકબળ છે. સમાગમ એ સેવામાંથી ઊભી થતી આડઅસરોનું નીંદામણ કરે છે. માટે સમાગમના ભોગે કદી સેવા ન કરવી. પણ સમાગમ પહેલાં સેવા પૂરી થઈ જાય એવું આયોજન કરવું."

બરોડાના પ્રવીણભાઈ સી. પટેલ ગુરુજીની આ રુચિને અધ્ધર ઝીલીને રસોડાની સેવા કરી ગુરુજીના સંકલ્પને પૂરો કરવા મંડ્યા રહે છે. તા. ૯-૭-૨૦૨૩ના દિવસે સવારે ૮ વાગે બરોડા ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દર્શન-આશીર્વાદનો લાભ આપવા માટે પધારવાના હતા. આ પ્રસંગે ૨૦૦૦ હરિભક્તોની રસોઈ બનાવવાની હતી. ગુરુજીનાં દર્શન-સમાગમનો લાભ ન જાય તે માટે પ્રવીણભાઈએ સેવાનું આયોજન કર્યું. વહેલી સવારે ૩ વાગે મંદિરે આવી રસોઈ બનાવવાની સેવા ચાલુ કરી દીધી અને ગુરુજી પધાર્યા તે પહેલાં સંપૂર્ણ સેવા પૂરી કરી દર્શન-સમાગમનો લાભ પૂરેપૂરો લીધો હતો. માત્ર આ એક પ્રોગ્રામમાં જ નહિ; પોતે બિલ્ડર હોવા છતાં મંદિરમાં કોઈ પણ પ્રોગ્રામમાં રસોડાની સેવા સભાના સમય પહેલાં પૂરી થઈ જાય અને પછી પાછળથી સ્વચ્છતાની સેવામાં પણ ઘરધણી થઈ જોડાઈ જાય. પ્રવીણભાઈના જીવનમાંથી આપણે પણ પ્રેરણા લઈ શીખીએ કે, સમાગમના ભોગે સેવા નહિ પણ સમાગમ પૂર્વે સેવા મહિમાસોતી અને એ પણ જવાબદારીપૂર્વકની કરીએ.

• • •

દિવ્યભાવ, દાસભાવ, સરળતાનો સાજ સજીને ઘરધણી થઈ સેવા કરનાર મોરબી સેન્ટરના કાંતિભાઈ જાકાસણિયાની સેવા ખરેખર ધન્યવાદને પાત્ર છે.

તા. ૧૭-૭-૨૦૨૩ના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મોરબી પધારવાના હતા. આ પ્રસંગે જૂનું બૅનર ઉતારી રવિ સભાનું નવું બૅનર લગાવવાની સેવા હતી. અગ્રેસર હરિભક્તને એમ કે કાંતિભાઈ મંદિરમાં જ છે. તેથી ફોન કરી બૅનર બદલવાની સેવા કરવા કહ્યું. કાંતિભાઈ ખરેખર ઘરે હતા છતાં કોઈ આનાકાની ન કરી. સ્પેશ્યલ બૅનર લગાવવા માટે જ પાંચ મિનિટમાં મંદિરમાં આવી ગયા. બૅનર બદલી ઘરે જતા રહ્યા.

ગુરુપૂર્ણિમા પ્રસંગે મંદિરના રસોડાની ગૅસની બૉટલો ભરાવવાની હતી. અગ્રેસર હરિભક્તે કાંતિભાઈને કહ્યું, "સવારે ૧૧ વાગ્યે ગાડી આવે ત્યારે તમે બધી ગૅસની બૉટલો ભરાવી દેજો." તેઓ ૧૦:૩૦ વાગ્યે મંદિરે આવી બધી ગૅસની બૉટલોને બહાર લઈ ઊભા રહ્યા. પણ ગાડી ન આવી. અગ્રેસરને પૂછતાં ખબર પડી કે ગૅસની બૉટલોની ગાડી રાત્રે ૧૧ વાગ્યે આવશે. છતાં મુખના ભાવ ન બદલાયા કે નહિ કોઈ દલીલ. એટલા જ ઉત્સાહથી રાત્રે ૧૦:૩૦ વાગ્યે ફરી મંદિરે આવ્યા. ૧૧:૪૫ વાગ્યે ગૅસની બૉટલની ગાડી આવી. બૉટલો ભરાવી ઠેકાણે મૂકી રાત્રે ૧૨:૩૦ વાગ્યે ઘેર ગયા. આવા તો એક પ્રસંગ નહિ અનેક પ્રસંગ બને. તેઓ સેવામાં એકલા હોય તોપણ પોતે સેવા કર્યાનો ન ભાર જણાય, ન કોઈનો અભાવ-અવગુણ કે ચર્ચા. અન્ય કોઈ વિભાગની સ્વચ્છતાની કે સ્ટૉક ગણતરીની કોઈ પણ સેવા હોય તમામ સેવામાં ઘરધણી થઈ જોડાઈ જાય. તેમના જીવન પરથી આપણે પ્રેરણા લેવા જેવી છે.આપણે સેવા કરતી વખતે તેમની જેમ દિવ્યભાવ, દાસભાવ, સરળતા અને ઘરધણી થઈને સેવા કરવાની પ્રેરણા લઈએ.

• • •

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સેન્ટર ખાતે વિદેશ કાર્યાલયમાં સેવા કરનાર ગૌતમભાઈને સત્સંગ થયે બે વર્ષ થયાં હતાં. ત્યારે ગુરુજીએ સેવામાં આવવાની રુચિ દર્શાવતાં પોતાના વિસ્તારેલા સારા ધંધાનો સંપૂર્ણ સંકેલો કરીને સેવામાં આવી ગયા. સંસ્થાને તન સમર્પિત કરી દીધું. માંદા પૂ. સંતોની સેવા કરે, પૂ. સંતોને જરૂર હોય ત્યારે ડ્રાઇવિંગની સેવા કરે અને સાથે વિદેશ કાર્યાલયની રાત્રિ-દિવસની સેવા તો ચાલુ જ હોય. તેમ છતાં કારણને ભૂલીને કાર્ય નહિ કરવાનું. ગુરુજીની આ મુખ્ય રુચિને સદાય વળગેલા રહે. ખૂબ આંતરમુખી જીવન જીવે. સહેજ સમયનો અવકાશ મળે કે તુરત ભજન-ભક્તિ કરે. ગુરુજીને રાજી કરવા અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધવા આજીવન બ્રહ્મચર્ય પાળી પોતે પ્રિ-મુમુક્ષુ બૅચમાં જોડાઈ ગયા. તેમના જીવનમાંથી પ્રેરણા મેળવીએ કે ગમે તેટલી સેવા કરવા છતાં સેવાનો અભિનિવેશ ન થવા દેવો. સતત કારણપ્રધાન રહેવું. ભજન-ભક્તિ, સ્વવિકાસમાં ફેર ન પડવા દેવો.

• • •

રાજકોટ સેન્ટરમાં ચંદુભાઈ સુરેજા પોતે મંદિરમાં સેવામાં આવી ગયા હોવા છતાં મહિનામાં ૭-૧૦ દિવસની ધ્યાન કુટિર કરે. આમ, પોતાની અધ્યાત્મ સાધના માટે નિરંતર મંડેલા રહે છે. આપણે પણ સેવા કરતા થઈએ અને સાથે તેમના જેવી અધ્યાત્મ સાધના કરીએ.



**તા. ૧૩-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે એકાદશી નિમિત્તે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આજના દિને ૩૩૯૫૨થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

**તા. ૧૫-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે **ભૂજનગર** મધ્યે સાયંકાળે ૧ મહાપૂજા તથા ૯ પધરામણીનો લાભ આપી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ રાત્રિ સેશન દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **ભૂજ** મંદિરની જમીનના ઇતિહાસ ઉપર લાભ આપીને ઉપસ્થિત સર્વે હરિભક્તોને મહાત્મ્યસભર કર્યા હતા.

**તા. ૧૬-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભૂજ** મંદિર ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપીને ૨૫૫થી પણ વધુ હરિભક્તોને રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ જીવનપ્રાણ અબજીબાપાશ્રીની પ્રાગટ્ય ભૂમિ **બળદિયા** ખાતે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ભૂજ** મંદિરે રાત્રિ સેશન દરમ્યાન માસિક સમૈયામાં દિવ્યવાણીનો લાભ આપી ૧૫૭૬થી વધુ હરિભક્તોને સત્સંગરૂપી ભાથું બાંધી આપ્યું હતું.

**તા. ૧૭-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સેશનમાં ૧ મહાપૂજા, ૧ રસોઈ તથા ૫ પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **મોરબી** ખાતે અંગત સભા દરમ્યાન કથાવાર્તાનો લાભ આપી ૩૨૫થી પણ વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૨૯-૭-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં સુધાવાણીનો લાભ લઈ ૨૮૧૪૬થી પણ વધુ હરિભક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

**તા. ૧-૮-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં કથાવાર્તાનો લાભ આપી ૩૨૭૦૧થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદ આપી ધન્ય કર્યા હતા.

**તા. ૧૨-૮-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૩૦, ૯૮૦થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદ આપી સુખિયા કર્યા હતા.



દુનિયામાં કોઈ વ્યક્તિ સર્વેગુણે સંપન્ન ન જ હોઈ શકે.

**મૂ.નિ. અ.મુ. શ્રી રામકૃષ્ણભાઈ તુલસીદાસ સોમૈયા, ઉંમર વર્ષ-૯૨, મુંબઈ; તા. ૨૬-૭-૨૩ :**



જીવનપ્રાણ બાપાશ્રી જ્યારે જ્યારે કરાંચી પધારતા ત્યારે ત્યાં બાપાશ્રીનો તથા સદ્‌ગુરુઓનો ખૂબ રાજીપો કમાયેલો પરિવાર એટલે આ સોમૈયા પરિવાર. સમયાંતરે કરાંચી છોડી મુંબઈમાં આવીને નિવાસ કર્યો. અને ત્યારબાદ બાપાશ્રીના પક્ષ માટે જેમણે ઘણું સહન કર્યું. તન-મન-ધન ઘસી નાખ્યાં. અ.મુ. સદ્‌ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ.મુ. સદ્‌. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, અ.મુ. સદ્‌. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી (મુનિબાપા) તથા અ.મુ. શ્રી મનસુખબાપા, અ.મુ. શ્રી ભૂરાબાપા, અ.મુ. શ્રી સોમચંદબાપા તથા અ.મુ. શ્રી જાદવજીબાપા તથા અ.મુ. શ્રી નારાયણ મામા તથા આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા મોટા મોટા મુક્તોનો ખૂબ રાજીપો કમાયા છે. એવા અનાદિમુક્તની ખોટ કારણ સત્સંગ માટે મોટી ખોટ છે. એમના દીકરા અ.મુ. ભાઈ શ્રી કુમારભાઈ તથા પ્રપૌત્ર અ.મુ. આદિત્યભાઈ તથા પરિવારજનોને મહારાજ, બાપા ખૂબ બળ આપે અને અ.મુ. રામકૃષ્ણભાઈને મહારાજ ખૂબ ખૂબ અધિકાધિક મૂર્તિનું સુખ આપે એવી મહાપ્રભુના દિવ્ય ચરણોમાં પ્રાર્થના.

**મૂ.નિ. શ્રી રમણભાઈ  કેશાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૧ વીરપુર; તા. ૧૭-૭-૨૩ :**



વીરપુર સેન્ટરના પાયાની ઈંટ સમા હરિભક્ત રમણભાઈ પટેલ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. વીરપુરમાં કારણ સત્સંગના પ્રચાર-પ્રસારની સેવામાં તેઓનું વિશેષ યોગદાન હતું. સત્સંગમાં આવ્યા ત્યારથી જ તન-મન-ધનથી સેવા કરી, મહારાજનો આશરો દૃઢ કરી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીનો અપાર રાજીપો કમાયા હતા. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓના બંને દીકરા શૈલેષભાઈ, યોગેશભાઈ તથા સમસ્ત પરિવારજનોને  સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ.નિ. ગોરધનભાઈ વશરામભાઈ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૮૨, સ્વામિનારાયણ ધામ; તા. ૩૦-૭-૨૩ :**



સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સેન્ટરના ઘરધણી મુક્ત ગોરધનભાઈ પ્રજાપતિ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ સ્વભાવે સરળ, મિલનસાર અને દયાળુ અને ખૂબ ભગવદીય હતા. પૂ. સંતોની આજ્ઞાથી તેઓ દરેક સેવા અધ્ધરથી ઝીલી, દાસભાવે નિર્માની રહી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો અપાર રાજીપો કમાયા હતા. કલોલ મંદિરે ૧૧ વર્ષ તેમજ કડી ખાતે તેઓએ ૨ વર્ષ સેવા આપી હતી. એ ઉપરાંત પૂ. સંતો જ્યારે જે સેવા આપે તે દાસભાવે કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના પરિવારમાંથી સંસ્થાને પૂ. મૂર્તિસ્વામીની ભેટ મળેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેમના દીકરા નરેન્દ્રભાઈ તથા રમેશભાઈને પણ સત્સંગનું અને સમજણનું ખૂબ બળ આપે.

## ઘનશ્યામ અંક સ્વાનુભાવ

**શ્રીજીમહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીની કૃપાથી આ સેવકને ઈ.સ. ૨૦૦૪માં એસ.એમ.વી.એસ. સંસ્થામાં જોડાવાનો લાભ મળ્યો. બરાબર એક વર્ષ પછી વનપરડી ગામે સંસ્કાર કેન્દ્રની સ્થાપના થઈ. એ વખતે પૂ. દિવ્યસ્વામીએ આજ્ઞા કરીને સેવકને અકાઉન્ટની તેમજ ઘનશ્યામ અંકના નવા ગ્રાહકો બનાવવાની સેવા સોંપી. અન્યને મહિમાસભર કરી ગ્રાહક બનાવતાં બનાવતાં આ સેવક પણ ઘનશ્યામ અંકના ગ્રાહક બન્યા. ઘનશ્યામ અંકના એક પછી એક પેજ વાંચતા જઈએ તેમ તેમ મહારાજની ઉપાસના, નિષ્ઠા, મહિમા, ગુરુદેવની અમૃતવાણી અને ગુરુજીની દિવ્યવાણીનો ધોધ વરસતો હોય એવી અનુભૂતિ થાય. અંદરથી જ વર્તાય અને નીરવ શાંતિનો અહેસાસ થાય. અવારનવાર પ્રકાશિત થતા હરિભક્તોના સ્વાનુભવમાંથી ગર્વ થાય કે તેઓ મોટાપુરુષના કેવા રાજીપાના પાત્ર હતા ! તેમનામાંથી પ્રેરણા લઈ રાજીપાનાં પાત્ર બનવા માટેનો ગોલ બંધાય. સત્સંગ સમાજમાં ઘણા અંકો બહાર પડતા હશે પણ 'ઘનશ્યામ' અંકની તો વાત જ જુદી છે. જેમ જેમ વાંચન-શ્રવણ વધે તેમ તેમ મહાત્મ્યભીના થવાતું જવાય. અને પછી તો તેનું વ્યસન પડી જાય. આ સેવકને ઘનશ્યામ અંકના વાંચનનો ખૂબ શોખ છે. પરંતુ છેલ્લા બે વર્ષથી એક આંખનો પડદો ફેઇલ થઈ ગયો હતો અને બીજી આંખે પણ ઓછું દેખાતું હતું. પરિણામે છેલ્લા બે વર્ષથી વાંચન બંધ થઈ ગયું એટલે સેવક નિરાશ થઈ જતો. પણ એમાંય મહારાજે સેવક પર ખૂબ કૃપા કરી કે હવેથી ઘનશ્યામ અંકનું ઓડિયો તથા જ્યુકબોક્સ સ્વરૂપે પ્રકાશન થાય છે. આ સેવક વાંચી નથી શકતા તો સાંભળીને પણ આનંદમાં રહે છે. ઘનશ્યામ અંકની આ નવી સુવિધાથી સેવક બહુ રાજી છે. આ સેવક અન્યને પણ જ્યુકબોક્સ સાંભળવા માટે પ્રેરે છે. આપ પણ આ ઑનલાઇન ઘનશ્યામ અંકના વાંચન-શ્રવણનો લાભ જરૂરથી લેશો એવી પ્રાર્થના.**

**– નટવરભાઈ ડાહ્યાભાઈ પટેલ, માંડલ**

વ્યક્તિના દોષોની પાછળ રહેલા ગુણોને પારખવા મથે તે માનવતા છે.

## (વિદેશ) બાળ સત્સંગ પરીક્ષા English
### (કુલ ગુણ : ૫૦) ગ્રૂપ : ૧
### ચૌદ વર્ષથી નીચેના મુક્તો

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | આરવ સી. ઠાકોર | કૅનેડા | ૪૫.૫ |
| પ્રથમ | આર્ના સી. ઠાકોર | કૅનેડા | ૪૫.૫ |
| પ્રથમ | આર્ના આર. પટેલ | યુ.એસ. | ૪૫.૫ |
| પ્રથમ | અનેરી આર. ભાવસાર | ન્યૂઝિલૅન્ડ | ૪૫.૫ |
| પ્રથમ | એંજલ એસ. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| પ્રથમ | અંશ બી. રાવલ | યુ.એસ. | ૪૫.૫ |
| પ્રથમ | ખુશી જી. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| પ્રથમ | નિર્ભય જે. વડોદરિયા | યુ.કે. | ૪૫.૫ |
| પ્રથમ | નિર્ભય કે. પટેલ | યુ.કે. | ૪૫.૫ |
| પ્રથમ | નિષ્ઠા કે. કેરાઈ | યુ.કે. | ૪૫.૫ |
| દ્વિતીય | આર્યા આર. શુક્લ | ઑસ્ટ્રેલિયા | ૪૪.૫ |
| દ્વિતીય | ધાર્મી કે. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૪.૫ |
| દ્વિતીય | દીક્ષા કે. ઠક્કર | યુ.એસ. | ૪૪.૫ |
| દ્વિતીય | હેતવી વી. પટેલ | કૅનેડા | ૪૪.૫ |
| દ્વિતીય | ખુશ્બુ કે. દક્ષિણી | કૅનેડા | ૪૪.૫ |
| દ્વિતીય | કૃપમ કે. પટેલ | યુ.એસ. | ૪૪.૫ |
| દ્વિતીય | નિત્ય ડી. ઠક્કર | યુ.એસ. | ૪૪.૫ |
| દ્વિતીય | રાજવી સી. પંડ્યા | યુ.એસ. | ૪૪.૫ |
| દ્વિતીય | શ્રેયા એચ. પટેલ | યુ.એસ. | ૪૪.૫ |
| તૃતીય | હેતુ પી. કેવડિયા | યુ.કે. | ૪૪ |
| ચતુર્થ | આહના બી. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૩.૫ |
| ચતુર્થ | અનય કે. પટેલ | યુ.એસ. | ૪૩.૫ |
| ચતુર્થ | ધ્યેય બી. પટેલ | કૅનેડા | ૪૩.૫ |
| ચતુર્થ | હર્ષવી એચ. પટેલ | યુ.એસ. | ૪૩.૫ |
| ચતુર્થ | હેતુ પી. પટેલ | કૅનેડા | ૪૩.૫ |
| ચતુર્થ | હેતુ આર. પટેલ | યુ.કે. | ૪૩.૫ |
| ચતુર્થ | નીવ કે. પટેલ | યુ.એસ. | ૪૩.૫ |
| ચતુર્થ | શ્લોક સી. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૩.૫ |
| ચતુર્થ | યાત્રા સી. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૩.૫ |
| પંચમ | હરિવદન એમ. પટેલ | કૅનેડા | ૪૨.૫ |
| પંચમ | હેત સી. ગજેરા | યુ.કે. | ૪૨.૫ |
| પંચમ | હેલીબા જે. જાડેજા | ઑસ્ટ્રેલિયા | ૪૨.૫ |
| પંચમ | ખુશી જે. વડોદરિયા | યુ.કે. | ૪૨.૫ |
| પંચમ | ક્રિષા એમ. ઠક્કર | કૅનેડા | ૪૨.૫ |
| પંચમ | સંકલ્પ એમ. પટેલ | કૅનેડા | ૪૨.૫ |
| પંચમ | તીર્થ બી. વોરા | યુ.કે. | ૪૨.૫ |
| પંચમ | વ્રજ બી. ઠક્કર | કૅનેડા | ૪૨.૫ |

### ગ્રૂપ : ૨
### ચૌદ વર્ષથી ઉપરના મુક્તો

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | ચેલશા એ. ગોહિલ | કૅનેડા | ૪૬.૫ |
| પ્રથમ | દીપ ડી. મકાની | કૅનેડા | ૪૬.૫ |
| પ્રથમ | કિરણ એન. પટેલ | યુ.એસ. | ૪૬.૫ |
| પ્રથમ | નિષ્ઠા એચ. પટેલ | યુ.એસ. | ૪૬.૫ |
| પ્રથમ | નિષ્ઠા એચ. રાનપરા | યુ.એસ. | ૪૬.૫ |
| દ્વિતીય | એશા એસ. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| દ્વિતીય | ચેતન આર. પટેલ | યુ.એસ. | ૪૫.૫ |
| દ્વિતીય | ખ્વાહિશ એસ. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| દ્વિતીય | કિશન એન. પટેલ | યુ.એસ. | ૪૫.૫ |
| દ્વિતીય | મિતા સી. પટેલ | યુ.એસ. | ૪૫.૫ |
| દ્વિતીય | નેત્રા એમ. પટેલ | યુ.કે. | ૪૫.૫ |
| દ્વિતીય | સમર્થ વી. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| દ્વિતીય | યશ ટી. પટેલ | કૅનેડા | ૪૫.૫ |
| દ્વિતીય | યાશુ આઈ. પટેલ | યુ.એસ. | ૪૫.૫ |
| તૃતીય | અર્ની પી. કાચા | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | ઍરિક જે. પટેલ | યુ.એસ. | ૪૪.૫ |
| તૃતીય | જૈમિન એમ. પટેલ | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | મનસ્વી જે. પટેલ | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | પ્રાર્થના જી. કકાણી | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | પૂજા જી. કકાણી | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | રુદ્ર એચ. ઠક્કર | યુ.કે. | ૪૪.૫ |
| તૃતીય | ઋષિ આર. પટેલ | કૅનેડા | ૪૪.૫ |
| તૃતીય | સામર્થી એ. પટેલ | યુ.કે. | ૪૪.૫ |
| તૃતીય | સ્પર્શ કે. પટેલ | યુ.કે. | ૪૪.૫ |
| તૃતીય | યાત્રા એ. પટેલ | કૅનેડા | ૪૪.૫ |
| ચતુર્થ | પાર્થ પી. પટેલ | કૅનેડા | ૪૪ |
| પંચમ | આર્ય જે. પટેલ | કૅનેડા | ૪૩.૫ |
| પંચમ | ભૂમિકા કે. પટેલ | યુ.એસ. | ૪૩.૫ |



વ્યક્તિના દોષો જોવા છતાં તેના પ્રત્યે ઉદાર ભાવના કેળવે તે સાધુ છે.

| | | | |
|---|---|---|---|
| પંચમ | ધ્યેય બી. પટેલ | કેનેડા | ૪૩.૫ |
| પંચમ | જ્યોત વી. પટેલ | કેનેડા | ૪૩.૫ |
| પંચમ | વેનિશ એ. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૩.૫ |

**યુવા સત્સંગ પરીક્ષા (કુલ ગુણ : ૭૫)**

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | જિગર એસ. સુદાણી | યુ.કે. | ૬૩ |
| દ્વિતીય | કિરણ જી. ઠક્કર | યુ.એસ. | ૬૨.૫ |
| દ્વિતીય | પ્રદ્યુમન સી. સોની | યુ.એસ. | ૬૨.૫ |
| દ્વિતીય | પ્રિયંકા કે. પટેલ | યુ.કે. | ૬૨.૫ |
| દ્વિતીય | શેફાલી એ. જૈન | પોલૅન્ડ | ૬૨.૫ |
| દ્વિતીય | સોમાભાઈ સી. પટેલ | યુ.એસ. | ૬૨.૫ |
| તૃતીય | રિમ્પલ કે. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૬૧ |
| તૃતીય | રોશની એસ. પટેલ | યુ.એસ. | ૬૧ |
| ચતુર્થ | જીનલ ટી. પટેલ | યુ.કે. | ૬૦.૫ |
| ચતુર્થ | કેયૂર એચ. પટેલ | યુ.કે. | ૬૦.૫ |
| ચતુર્થ | સોનિકા સી. ઠાકોર | કેનેડા | ૬૦.૫ |
| ચતુર્થ | તીર્થ એન. દેસાઈ | યુ.કે. | ૬૦.૫ |
| પંચમ | આરતી એન. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૬૦ |

| | | | |
|---|---|---|---|
| પંચમ | બળવંત બી. પટેલ | કેનેડા | ૬૦ |
| પંચમ | હાર્દિકા સી. પંડ્યા | યુ.એસ. | ૬૦ |
| પંચમ | પિંકલ જે. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૬૦ |

**(દેશ) યુવા સત્સંગ પરીક્ષા (કુલ ગુણ : ૧૦૫)**

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | ભરતકુમાર વી. પ્રજાપતિ | ઘન.નગર | ૧૦૩ |
| દ્વિતીય | નાનજીભાઈ જે. પટેલ | નરોડા | ૧૦૨ |
| દ્વિતીય | હિમાંશુભાઈ આઈ. પટેલ | સ્વા.ધામ | ૧૦૨ |
| તૃતીય | રુચિતાબેન એસ. સુદાણી | નિકોલ | ૧૦૧.૫ |
| ચતુર્થ | નિર્મળભાઈ પી. પટેલ | વસ્ત્રાલ | ૧૦૧ |
| ચતુર્થ | જિગીષાબેન આર. યાદવ | સ્વા.ધામ | ૧૦૧ |
| પંચમ | ભીખાભાઈ ઠક્કર | વાસણા | ૧૦૦ |
| પંચમ | દીપકભાઈ જોષી | મુંબઈ | ૧૦૦ |
| પંચમ | અલ્પેશભાઈ વી. પટેલ | ભરૂચ | ૧૦૦ |
| પંચમ | મૌલિકભાઈ ડી. પાનસુરિયા | નિકોલ | ૧૦૦ |
| પંચમ | સોનલબેન એમ. હડિયલ | સે.૬ | ૧૦૦ |
| પંચમ | મિશ્રુતિબેન ડી. શેલડિયા | નિકોલ | ૧૦૦ |
| પંચમ | હિરલબેન એચ. દેવાણી | ઘન.નગર | ૧૦૦ |


**'ઘનશ્યામ' એટલે...**

- શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...
- જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.
- શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.
- વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.
- દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...

# હૃદયરોગ વિભાગ

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

NABH ACCREDITED

## હવે શરૂ થઈ ગયું છે
## અત્યાધુનિક કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જરી યુનિટ

### સૌથી અનુભવી ડોક્ટરની ટીમ



**Dr. Bhupesh D. Shah**
M.CH, D.N.B.
(Senior Cardiac & Endovascular Surgeon)

હાર્ટ કૅર યૂનિટ



**Dr. Tushar Sharma**
M.B.B.S., MS, M.CH
(Cardiac & Endovascular Surgeon)

- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં હવે અત્યાધુનિક કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જરી યુનિટનો પ્રારંભ થઈ ગયેલ છે.
- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં સૌથી અનુભવી ડૉક્ટર ડૉ. ભૂપેશ ડી. શાહ તથા ડૉ. તુષાર શર્માની ટીમ દ્વારા બાયપાસ સર્જરી, વાલ્વની સર્જરી જેવી તમામ હૃદયની જટિલ સર્જરીઓનું નિદાન તથા સારવાર કરવામાં આવે છે.
- ડૉ. ભૂપેશ ડી. શાહ તથા ડૉ. તુષાર શર્માની ટીમ અત્યાર સુધી ૩૦,૦૦૦થી વધુ હૃદયની જટિલ સર્જરી કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.
- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં હૃદયની જટિલ બીમારી જેવી કે બાયપાસ સર્જરી, વાલ્વની સર્જરી મા કાર્ડ તથા આયુષ્યમાન કાર્ડમાં નિઃશુલ્ક કરવામાં આવે છે.

## આકર્ષક કાર્ડિયાક પૅકેજિસ

| | | |
|---|---|---|
| એન્જીયોગ્રાફી | ~~7999/-~~ | 3999/-* |
| એન્જીયોપ્લાસ્ટી | ~~79999/-~~ | 49999/-* (સ્ટેન્ટ અલગથી) |
| બાયપાસ સર્જરી | ~~1,79,999/-~~ | 1,49,999/- |

માત્ર ૧ વર્ષમાં
**1500+**
કાર્ડિયાક પ્રોસિઝર

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
**SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**


info@smvshospital.com

Follow us :

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com



કોઈના પ્રત્યે અંદરથી કટુભાવના રાખવી તે હિંસા છે.



# જ્ઞાનસત્ર - ૧૭

**૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ નવેમ્બર ૨૦૨૩**

**કારતક સુદ ત્રીજથી આઠમ સુધી (ગુરુવારથી સોમવાર)**

**સ્થળ : સ્વામિનારાયણ ધામ**
**કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.**

## જ્ઞાનસત્ર ૧૭નાં આકર્ષણો

- પ્રાત: ધ્યાન ચિંતનમાં વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ
- સંત વ્યાખ્યાનમાળા
- દિવ્યજીવન માર્ગીય ગ્રૂપ સભાઓ
- બાળ-બાલિકા શિબિર
- વ્હાલા ગુરુજીના નિકટ દર્શનનો લાભ
- યુવા સંમેલનમાં વ્હાલા ગુરુજીનો અદ્ભુત લાભ

નૂતન વર્ષનો પ્રારંભ આધ્યાત્મિક જીવનની ઉન્નતિથી થાય એ જ આપણા માટે ધન્ય અવસર. આપણે અધ્યાત્મ માર્ગનાં ઉચ્ચ શિખરો સર કરવાનાં છે. મોટાપુરુષોએ આપણને પ્રાપ્તિ કૃપાથી કરાવી દીધી છે અને હવે તેઓ સ્થિતિની કૃપા વરસાવવા તત્પર થયા છે. અને તે માટે પ્રથમ આપણને ટકોરાબંધ પાત્ર કરવા, પકવવા નિભાડામાં નાખવાના છે.

આ નિભાડો એટલે જ જ્ઞાનસત્ર-૧૭. મૂર્તિમાં જોડાવા માટેનાં વિવિધ ઉપાયો-આયોજનો આ જ્ઞાનસત્રમાંથી પ્રાપ્ત થશે માટે ભૂખ્યા અને ગરજુ મુમુક્ષુઓને પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

## જ્ઞાનસત્ર-૧૭ રજિસ્ટ્રેશન અંગેની સૂચના

- જ્ઞાનસત્રના લાભાર્થીઓ માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- સંસ્થાના તમામ સેન્ટરોમાં જ્ઞાનસત્ર-૧૭ના રજિસ્ટ્રેશન ફોર્મનું વિતરણ શરૂ થઈ ચૂક્યું છે.
- યુવકમુક્તોને વ્હાલા ગુરુજીનો વિશેષ લાભ મળનાર હોવાથી પૂરેપૂરા દિવસ લાભ લેવાનો આગ્રહ રાખવો.
- ૧૫ વર્ષથી ૫૫ વર્ષના દરેક સભ્યોએ પરિવાર દીઠ માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ જમા કરાવવા આવીએ ત્યારે વ્યક્તિ દીઠ ૨૦૦ રૂ. રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાની રહેશે.
- ૫ વર્ષથી ૧૪ વર્ષના બાળકોની રજિસ્ટ્રેશન ફી જમા કરાવવાની નથી, પરંતુ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- રજિસ્ટ્રેશન ફોર્મ બે સમયગાળામાં સ્વીકારવામાં આવશે. પ્રથમ : તા. ૫-૯-૨૦૨૩ ને મંગળવારથી તા. ૧૫-૧૦-૨૦૨૩ ને રવિવાર સુધી.
  દ્વિતીય : તા. ૧૬-૧૦-૨૦૨૩ને સોમવારથી તા. ૨૫-૧૦-૨૦૨૩ને બુધવાર સુધી રહેશે.
- પ્રથમ સમયગાળા બાદ ફોર્મ જમા કરાવનારની રજિસ્ટ્રેશન ફી ૨૫૦ રૂ. રહેશે. જેની સર્વે હરિભક્તોએ નોંધ લેવી. તા. ૨૬-૧૦-૨૦૨૩ પછીથી કોઈનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- Pre-AYP, AYP તથા પ્રિ-મુમુક્ષુનાં તમામ પુરુષ-મહિલા સભ્યોએ જ્ઞાનસત્રનો પૂરેપૂરો લાભ લેવો ફરજિયાત છે.
- અમદાવાદ, ગાંધીનગર, કલોલ આદિ નજીકના સેન્ટરના હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા રાખેલ નથી. તેઓએ રોજ પોતાની રીતે જ સ્વામિનારાયણ ધામથી ઘરે આવવા-જવાનું રહેશે. આ સિવાયના હરિભક્તોને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ જ ઉતારો મળશે.
- ઉતારાની વ્યવસ્થામાં પલંગની સગવડ કરવામાં આવેલ ન હોવાથી ૫૫ વર્ષથી ઉપરના કે કાયમી શારીરિક બીમારી કે અશક્ત હોય તેવા હરિભક્તોએ જ્ઞાનસત્રનો લાભ પોતાના સેન્ટરમાં ઑનલાઇન લેવાનો રહેશે.
- જો આપને ઉતારો લેવાનો ન હોય તોપણ રજિસ્ટ્રેશન ફોર્મ સાથે ફી ફરજિયાત જમા કરાવવાની રહેશે.
- ઉતારાની વ્યવસ્થામાં સૂવા માટે ગાદલું-ઓશીકું મળશે પરંતુ ઓઢવા માટેની વ્યવસ્થા આપની રીતે કરવાની રહેશે.
- આપની સાથે કે ઉતારામાં કીમતી મોબાઇલ, દાગીના કે વધુ રોકડ રકમ ન લાવવી કે ન રાખવી. અન્યથા કંઈ પ્રશ્ન સર્જાય તો આપની જવાબદારી રહેશે.
- જ્ઞાનસત્ર દરમ્યાન રોજ સવારે નાસ્તો, બપોરે તથા સાંજે સાદું ભોજન સંસ્થા તરફથી મળશે. અન્યથા, ડાયાબિટીસ કે અન્ય કોઈ રોગ-બીમારી હોય તો આપની રીતે જ જમવાની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
- જ્ઞાનસત્રમાં પાંચેય દિવસ સફેદ અથવા સાદાં વસ્ત્રો પહેરવાં તેમજ નોટ, પેન, માળા અવશ્ય સાથે રાખવાં.

અન્યના દોષો જાણવા છતાં ભૂલી જાય તે સત્પુરુષ છે.



મેલબોર્ન



કંપાલા



બોસ્ટન



ઘનશ્યામનગર



ઘાટલોડિયા



વડોદરા

# હિંડોળા ઉત્સવ : ૨૦૨૩


વસ્ત્રાલ



સ્વા. ધામ


વિજાપુર



રાજકોટ


વાસણા


મહેસાણા

Ghanshyam, September-2023. Published on 10-09-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



ચાંદખેડામાં સુવર્ણ આભૂષણોના હિંડોળા મધ્યે રજતની દોરીથી ઝૂલતા ઘનશ્યામ મહાપ્રભુ